

**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧ ❖ ૧૦, જુલાઈ-૨૦૧૦

૨૭, રજબ, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૪૭

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી

✆ ૨૨૩૧૦૪ મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ

✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી

હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-

પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૪ |
| ❋ અહાદીસ | ૦૫ |
| ❋ મુરીદોમાં પીરનું મહત્વ | ૦૭ |
| ❋ કેન્સર થતું કેવી રીતે અટકાવશો ? | ૧૨ |
| ❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૩ |
| ❋ ગડમથલ | ૧૬ |
| ❋ વસીલો અને શિર્ક | ૧૭ |
| ❋ અરબી મૂળાક્ષરોનો પરિચય | ૨૦ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૧ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૩ |
| ❋ નહજુલ બલાગહ | ૨૫ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૨૭ |
| ❋ જુંબિશે લબ | ૩૦ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૩૪ |
| ❋ મશાયખવાણી | ૩૭ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૧ |
| ❋ આપણા ઘરની વાતો | ૪૩ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૪૬ |


## ઊઘડતે પાને...

ઈમામ શિબલખી લખે છે કે એક વખત ઈસા મદાઈની હજ કરવા માટે ગયા અને એક વર્ષ મક્કામાં રહ્યા બાદ તેઓ મદીના ચાલ્યા ગયા. તેમનો વિચાર એવો હતો કે ત્યાં જઈને પણ એક વર્ષ રહું. મદીના પહોંચીને તેમણે જનાબે અબુઝરના મકાનની નજીક એક મકાનમાં ઉતારો કર્યો.

મદીનામાં રોકાયા પછી તેમણે ઈમામ મૂસા કાઝિમ(અ.)ના ત્યાં આવવા જવાનું શરૂ કર્યું. મદાઈનીનું બયાન છે,

'એક રાત્રે વરસાદ પડી રહ્યો હતો અને એ વખતે હું ઈમામ(અ.)ની ખિદમતમાં હાજર હતો. થોડી વાર પછી આપે ફરમાવ્યું,

'અય ઈસા ! તમે અત્યારે હાલ જ તમારા મકાન પર ચાલ્યા જાઓ કેમકે **'અન્હદમુલ બય્ત અલા મતાઅક'** - તમારું મકાન તમારા માલ સામાન ઉપર પડી ગયું છે.'

આ સાંભળીને તરત જ હું મારા મકાન તરફ ગયો. જોયું તો ઘર પડી ગયેલું છે અને લોકો સામાન બહાર કાઢી રહ્યા છે.

બીજા દિવસે જયારે હું ઈમામ(અ.)ની સેવામાં હાજર થયો તો ઈમામ(અ.)એ પૂછયું,

'કોઈ વસ્તુ ચોરાઈ ગઈ તો નથી ને ?'

મેં અરજ કરી,

'માત્ર એક વાસણ નથી મળતું કે જેનાથી હું વુઝૂ કર્યા કરતો હતો.'

આપે ફરમાવ્યું,

'તે ચોરાઈ ગયું નથી પરંતુ મકાન પડી ગયું તે પહેલાં તમે પાયખાનામાં તેને ભૂલી ગયા છો. તમે જાઓ અને ઘરમાલિકની છોકરીને કહો, તે તમને લાવી આપશે.'

મેં આપના કહ્યા મુજબ કર્યું અને તે વાસણ મને મળી ગયું. (**નુરૂલ અબ્સાર**, પેજ-૧૩૫)

*

અલ્લામા જામી લખે છે કે એક માણસે એક સહાબીની સાથે એકસો દીનાર હઝરત ઈમામ મૂસા કાઝિમ(અ.)ની ખિદમતમાં નજરાણા તરીકે મોકલ્યા.

તે સહાબી પૈસા લઈને મદીના પહોંચ્યા. ત્યાં પહોંચીને તેમણે વિચાર કર્યો કે મારે ઈમામના હાથોમાં આ રકમ પહોંચાડવાની છે તેથી તેને પાક કરી લઉં.

તે કહે છે,

'મેં આ દીનાર કે જે અમાનત હતી તેને ગણી જોયા તો તે નવ્વાણું દીનાર હતા. તેથી મેં તેમાં મારા તરફથી એક દીનાર શામેલ કરી દઈને એકસોનો આંકડો પૂરો કરી દીધો.'

જયારે હું હઝરતની ખિદમતમાં હાજર થયો તો આપે ફરમાવ્યું,

'બધા દીનારને જમીન પર નાખી દો.'

મેં થેલી ખોલીને બધા દીનાર જમીન ઉપર કાઢી નાખ્યા. આપે મને બતાવ્યા વગર તેમાંથી મારો એ જ દીનાર કે જે મેં તેમાં ભેળવી દીધો હતો તેને કાઢીને મને પાછો આપી દીધો અને ફરમાવ્યું,

'દીનાર મોકલનારે સંખ્યાના હિસાબે દીનાર નથી મોકલ્યા પરંતુ વજનના હિસાબે મોકલ્યા છે જે વજન નવ્વાણું દીનારમાં પૂરું થઈ જાય છે.'

*

અબુ બશીરનું બયાન છે કે ઈમામ મૂસા કાઝિમ(અ.) દિલની વાતો જાણતા હતા અને દરેક સવાલનો જવાબ જાણતા હતા. દરેક સજીવની ભાષાથી પરિચિત હતા.

(**રવાએહુલ મુસ્તફા**, પેજ-૧૬૨)

અબુ હમ્ઝા બતાઈનીનું કહેવું છે કે હું એક વખત હઝરતની સાથે હજ માટે જઈ રહ્યો હતો એવામાં રસ્તામાં એક સિંહ નીકળ્યો. તેણે આપના કાનમાં કંઈક કહ્યું. આપે તેને તેની જ ભાષામાં જવાબ આપ્યો અને તે ચાલ્યો ગયો. અમારા પ્રશ્નના જવાબમાં આપે ફરમાવ્યું,

'તેણે પોતાની સિંહણની એક તકલીફ માટે


**મહેફિલે આલે મોહંમદ**

સંદલ : પીર સૈયદ ઝયનુદ્દીન(રહે.) તથા
પીર સૈયદ સદરૂદ્દીન(રહે.)વડનગર
મુ.તા. ૧૦ શાબાન, ૧૪૩૧,
તા.૨૩-૭-૨૦૧૦,
સમય રાત્રે ૯-૩૦ કલાકે
દરેક મોમિનીનને પધારવા હાર્દિક આમંત્રણ છે.

દુઆ કરવાની ઈચ્છા પ્રગટ કરી. મેં દુઆ કરી અને તે પાછો ચાલ્યો ગયો.

(**તઝકિરતુલ માઅસૂમીન**, પેજ-૧૯૩)

*

એક માણસનું કહેવું છે કે અલી બિન યક્તીને✶ એક પત્ર આપીને મને ઈમામ(અ.)ની ખિદમતમાં મોકલ્યો. મેં હઝરતની ખિદમતમાં પહોંચીને તેમનો પત્ર આપ્યો. આપે તે પત્ર વાંચ્યા વગર જ પહેરણમાંથી એક પત્ર બહાર કાઢીને મને આપ્યો અને કહ્યું,

'તેમણે જે કંઈ લખ્યું છે તેનો જવાબ આ છે.'

(**સવાહેદુન્નબુવ્વત**, પેજ-૧૯૫)

*

---

✶ અલી બિન યક્તીન ઈમામ મૂસા કાઝિમ(અ.)ના ખાસ અસહાબોમાંથી હતા. હિજરી સન-૧૨૧માં કુફામાં પેદા થયા અને હિજરી સન-૧૮૨માં બગદાદમાં ૫૭ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા. તેમણે કેટલીય કિતાબો લખી છે.


**પ્રો. જી. કે. સુણસરા (સેવાણીવાળા)**

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

**● રેડીમેડ ●**

* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.

**● ક્લોથ ●**

શુટીંગ તથા શર્ટીંગ

**● ટેલર્સ ●**

પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦


*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ઈસ્લામી કવીઝ નં. ૧૧૬

**(૧) હઝરત રસૂલે ખુદા(સ.) પોતાના કાકા હઝરત અબુતાલિબ સાથે સૌ પ્રથમવાર વેપાર અર્થે કયા દેશમાં ગયા હતા ?**
(A) હબશ (B) શામ (C) તુર્કી

**(૨) મુસલમાનોએ સૌ પ્રથમ હિજરત કઈ જગ્યાએ કરી હતી ?**
(A) મક્કાથી મદીના (B) મક્કાથી હબશ
(C) મક્કાથી તાઈફ

**(૩) મદીના હિજરત કર્યા પછી મદીનાના જે લોકોએ મક્કાવાસીઓને મદદ કરી તે લોકો કયા નામથી ઓળખાય છે ?**
(A) મુહાજિર (B) અન્સાર (C) અઝીઝ

**(૪) હઝરત રસૂલે ખુદા(સ.)ની જીવનકથા માટે અરબીમાં કયો શબ્દ પ્રચલિત છે ?**
(A) સીરત (B) સુન્નત (C) સવાનેહ

**(૫) અઝાઝીલ માટે નીચેનામાંથી કયો શબ્દ ઓછો પ્રચલિત છે ?**
(A) શયતાન (B) ઈબ્લીસ (C) તાગુત

**(૬) કયા પયગમ્બરે આપણને 'મુસલમાન' નામ આપ્યું છે ?**
(A) હઝરત મોહંમદ મુસ્તફા(સ.)
(B) હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ(અ.)
(C) હઝરત ઈસ્માઈલ(અ.)

**(૭) કયા પયગમ્બર અલ્લાહના ખૌફથી ૯૫૦ વર્ષ સુધી રડતા રહ્યા હતા ?**
(A) હઝરત આદમ(અ.)
(B) હઝરત યાકૂબ(અ.)
(C) હઝરત નૂહ(અ.)

**(૮) નીચેનામાંથી કયો લકબ બારમા ઈમામનો છે ?**
(A) અલ મુન્તઝર (B) અલ અમીન
(C) અબ્દે સાલેહ

**(૯) કયા જંગને જંગે અહઝાબ કહેવામાં આવે છે?**
(A) જંગે ખંદક (B) જંગે ઓહદ
(C) જંગે ખૈબર

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ (હે રસૂલ ! જેહાદમાં ન જવા માટે) અશક્તોના માથે(ન) કોઈ દોષ છે, ન બીમારોના માથે, અને ન તેઓના માથે કે જેમને ખરચવા માટે કાંઈ મળતું નથી, એવી સ્થિતિમાં કે તેઓ અલ્લાહ અને અલ્લાહના રસૂલના શુભેચ્છક હોય; નેકી કરનારાઓ પર કાંઈ દોષ નથી; અને અલ્લાહ મોટો માફ કરનાર અને દયા કરનાર છે.

**(પારો-૧૦, સૂરએ તૌબા, આયત-૯૧)**

✻ હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરતા રહો અને સાચાઓનો સાથ આપો.

**(પારો-૧૧, સૂરએ તૌબા, આયત-૧૧૯)**

✻ અને મોમિનોને માટે આ કાંઈ અગત્યનું નથી કે તેઓ એકી વખતે બધા નીકળી પડે; માટે તેમના દરેક ટોળામાંથી એક નાનકડો જથ્થો એ હેતુસર શા માટે નીકળતો નથી કે તે દીનનું જ્ઞાન પ્રાપ્ત કરે અને જ્યારે તે પાછો ફરે ત્યારે પોતાની કોમને ડરાવે કે જેથી તેઓ પણ (દુષ્ટ કાર્યો કરતાં) સાવધ રહે. **(પારો-૧૧, સૂરએ તૌબા, આયત-૧૨૨)**

✻ અને માણસ માત્ર પર જ્યારે કોઈ મુસીબત આવી પડે છે ત્યારે અમને પડ્યા પડ્યા (અથવા) બેઠા બેઠા (અથવા) ઊભા ઊભા પોકારવા લાગે છે; પછી જ્યારે અમે તેમની મુસીબત ટાળી દઈએ છીએ ત્યારે તે પાછી પોતાની પહેલાંની જ ચાલ ચાલવા માંડે છે, જાણે કે તેણે પોતાના પર પડેલી મુસીબત ટાળવા માટે અમારી પાસે યાચના કરી જ ન હતી; એવી જ રીતે અત્યાચાર કરનારાઓ માટે તેઓ જે જે કર્મ કર્યા કરે છે તે સુશોભિત બનાવી દેવામાં આવ્યાં છે. **(પારો-૧૧, સૂરએ યુનૂસ, આયત-૧૨)**

✻ અને કોઈ પણ વ્યક્તિના અધિકારમાં નથી કે અલ્લાહની આજ્ઞા વિના ઈમાન લાવે; અને તે (અલ્લાહ) નાપાકી એ જ લોકો પર નાખી દે છે કે જેઓ અક્કલનો ઉપયોગ કરતા નથી.

**(પારો-૧૧, સૂરએ યુનૂસ, આયત-૧૦૦)**

✻ અને પૃથ્વી પર કોઈ એવું ચાલનાર પ્રાણી નથી કે જેની રોજી અલ્લાહના શીરે ન હોય અને એ જ (અલ્લાહ) તે(પ્રાણી)ના (દુનિયામાં) રહેવાનું સ્થાન તથા (મરણ પછી) તેને (ભૂમિમાં) સોંપવાનું (સ્થાન) જાણે છે; પ્રત્યક્ષ કિતાબ (લૌહે મહેફુઝ)માં દરેક બાબતનું વર્ણન મોજુદ છે.


**(પારો-૧૨, સૂરએ હુદ, આયત-૬)**

✻ અને અગર અમે ઈન્સાનને અમારા તરફની રહેમતની મજા ચખાડીએ છીએ (અને) પછી તે તેમનાથી ખૂંચવી લઈએ છીએ ત્યારે નિઃસંશય તે ઘણો હતાશ અને કૃતઘ્ન બની જાય છે. ✻ અને અગર તેના પર કોઈ આપત્તિ વીતી ચૂકી હોય તે બાદ (સારી સારી) નેઅમોની મજા ચખાડીએ ત્યારે ખચીત જ કહી ઉઠશે કે હવે મારી(સઘળી) મુસીબતો ટળી ગઈ; કારણ કે તે (ઈન્સાન) નિઃસંશય ઘણો જ (જલ્દી) ખુશ થઈ જનાર (અને) શેખીખોર છે : ✻ સિવાય તે લોકો કે જે ધીરજવાન રહે છે અને સત્કર્મો કરે છે; તેમના જ માટે ગુન્હાઓની માફી છે અને ઘણો મોટો બદલો પણ.

**(પારો-૧૨, સૂરએ હુદ, આયત-૯ થી ૧૧)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



## પતિ-પત્નીએ જાણવા જેવી બાબતો

ઈસ્લામ ધર્મે સ્ત્રીની મદદ કરવાની અને તેની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવાની ખૂબ જ તાકીદ કરી છે.

ઈમામ અસ્સજ્જાદ(અ.) ફરમાવે છે :

**'જો હું બજારમાં પ્રવેશ કરું અને મારી પાસે જે રકમ હોય તેના દ્વારા મારા પરિવારજનો માટે થોડું ગોશ્ત ખરીદું તો મારી દષ્ટિએ એવું કરવું એક ગુલામને આઝાદ કરવા કરતાં પણ વધારે શ્રેષ્ઠ બાબત છે.'**

આવી જ રીતે એક દિવસ હઝરત રસૂલે અકરમ(સ.) જુએ છે કે ઈમામ અલી(અ.) ઘરનાં કેટલાંક કાર્યોમાં હઝરત ફાતમા(અ.)ની મદદ કરી રહ્યા છે તો તેઓ તેમના આ કાર્યને પ્રોત્સાહન આપે છે અને તેના માટે ખૂબ જ મોટા સવાબનું વર્ણન કરે છે અને એક જ વાક્યમાં ફરમાવે છે :

**'જે વ્યક્તિ ઘરનાં કાર્યોમાં પોતાની પત્નીની મદદ કરે છે તો ખુદા તઆલા તેના શરીરના રૂંવાટાંની બરોબર તેના માટે એક વર્ષની ઈબાદતનો સવાબ લખે છે (એવી ઈબાદત) જાણે કે તેણે દિવસે રોઝા રાખ્યા હોય અને રાતના સમયે નમાઝો પઢી હોય.'**

અને થોડાં વાક્યો કહ્યા પછી આપ(સ.) આ રીતે ફરમાવે છે :

**'જે વ્યક્તિ પોતાની પત્ની અને બાળકોની સેવા અને મદદ કરવાના સંદર્ભમાં અભિમાન ન રાખતો હોય તો ખુદા તઆલા તેને હિસાબ વગર જન્નતમાં દાખલ કરશે.'**

અને છેવટે આપ(સ.) આવું પણ ફરમાવે છેઃ

**'કોઈ એવો જ માણસ પોતાની પત્નીની સેવા નથી કરતો સિવાય કે તે સિદ્દિકીનમાંથી હોય કે શહીદોમાંથી હોય અથવા તો તે એવો પુરૂષ હોય જેની ખુદા તઆલાએ દુનિયા અને આખેરતમાં ભલાઈ ઈચ્છી હોય.'**

ઈસ્લામ ધર્મ એ બાબતને પણ પ્રાથમિકતા આપે છે કે જે સ્ત્રી અને પુરૂષે શાદી કરી હોય તેઓ જેમ બને તેમ એકબીજાની ટેવો અને પધ્ધતિઓને અનુકૂળ બનીને જીવનનિર્વાહ કરે અને એવું કરવામાં જો કદાચ કોઈને તકલીફ પહોંચે તો તે બાબતને નજર અંદાજ કરે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જે માણસ પોતાની પત્નીના દુર્વ્યવહાર પર સબર કરે તો ખુદા તઆલા તેને ઐયુબ(અ.)ના સબ્ર અને સહનશીલતા જેટલો સવાબ આપે છે અને જો કદાચ કોઈ સ્ત્રી પોતાના પતિના વ્યવહાર પર સબર કરે તો ખુદા તઆલા તેને (ફિરઓનની પત્ની) આસિયા બિન્તે મઝાહિમની માફક દરજ્જો અર્પણ કરે છે.'**

ઈસ્લામે સ્ત્રીને સતાવવાની મનાઈ કરી છે. હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'મુસલમાન પુરૂષોમાંથી સર્વશ્રેષ્ઠ વ્યક્તિ એ છે જે પોતાની પત્ની પર સખ્તાઈ ન કરે અને તેના પર ઉપકાર કરે.'**

આપ(સ.) આવું પણ ફરમાવે છે :

**'શું એ યોગ્ય છે કે કોઈ પુરૂષ પોતાની સ્ત્રીને મારઝૂડ કરે અને વળી પાછો તેની સાથે સહશયન પણ કરે ?'**

આ ઉપરાંત ઈસ્લામ એવી પણ ભલામણ કરે

છે કે પુરૂષ દ્વારા સ્ત્રી સાથે નમ્રતાપૂર્વક વર્તન કરવામાં આવે અને તેની સાથે અસાધારણ ઉપકાર અને નેકી સાથે વ્યવહાર કરવામાં આવે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જીબ્રઈલ(અ.)એ અમને પત્નીના સંદર્ભમાં એટલી બધી તાકીદ કરી છે કે અમને ગુમાન થઈ ગયું કે તેને કદાપિ તલાક આપવામાં ન આવે સિવાય એ પરિસ્થિતિમાં કે તે(કોઈ) દુષ્ટ કાર્ય કરવાની પાપી હોય.'**

વળી આપ ફરમાવે છે :

**'પુરૂષ જો કદાચ પોતાની પત્નીના મોઢામાં ખોરાકનો કોળિયો મૂકે તો તેને સવાબ મળે છે.'**

આ બધી બાબતોની સાથે સાથે ઈસ્લામ ધર્મ સ્ત્રીઓને પણ એવો હુકમ આપે છે કે તેઓ પોત પોતાના પતિઓની સાથે મૈત્રીપૂર્ણ અને નરમ વલણ અપનાવે.

પયગમ્બરે ઈસ્લામ(સ.) ફરમાવે છે :

**'જે સ્ત્રી પોતાના પતિની સાથે નમ્રતા ન દાખવે અને તેને એવાં કાર્યો કરવા માટે લાચાર બનાવે જે તેની હિંમતથી બહાર હોય તો તેની કોઈ ઈબાદત અને નેક કાર્ય કબૂલ નહીં થાય અને તે ખુદા તઆલાથી કોપ અને ગઝબની હાલતમાં મુલાકાત કરશે.'**

**'અને જે સ્ત્રી પોતાના પતિને પોતાની વાતોથી દુઃખ આપશે તો ખુદા તઆલા કોઈ પણ વસીલાથી તેને સજાથી મુક્તિ નહીં આપે અને તેની કોઈ પણ ખૂબી કબૂલ નહીં કરે ત્યાં સુધી કે તે પોતાના પતિને રાજી ન કરી લે. જો કે તે દિવસે રોઝા રાખતી હોય અને રાતોમાં ઈબાદતમાં મશગુલ રહે અને ગુલામોને ખુદાની રાહમાં આઝાદ કરી દે અને ખુદાની રાહમાં ઝડપી સવારીઓ ઉપર સવારી કરતી હોય તો પણ તે એ લોકોમાં સર્વ પ્રથમ હશે જેમને આગમાં ફેંકવામાં આવશે અને તે પુરૂષની પણ એવી જ પરિસ્થિતિ છે કે જેણે પોતાની પત્ની પર જુલ્મ કર્યો હોય.'**

**સ્ત્રીઓ અને પુરૂષોએ શણગાર સજવા વિષે :**

જે બાબતોનું ઈસ્લામે મહત્વ આપ્યું છે તેમાંની એક બાબત શણગાર સજવા વિશેની છે. ઈસ્લામ તો કહે છે કે સ્ત્રીએ પોતાના પતિ માટે જ શણગાર સજવા જોઈએ અને તેની સમક્ષ જ દેહ પ્રદર્શન કરવું જોઈએ જેથી તેની નજર અને વિચારોને બીજી સ્ત્રીઓ તરફ કેન્દ્રિત થવાથી તે રોકી શકે.

ઈમામ અલ બાકિર(અ.) અથવા ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'સૂઈ રહેવાથી ફાયદો મેળવવો સ્ત્રી માટે મુબાહ છે અને તેણે (શણગાર સજવાની બાબતમાં) પોતાની જાતને સ્વચ્છંદી કરી દેવી ન જોઈએ ભલેને એક (કિંમતી) હાર જ ગળામાં પહેરી લે અને તેના માટે એ પણ યોગ્ય નથી કે ખિઝાબ કરવાનું(વાળ રંગવાનું) છોડી દે (જે એ દિવસોમાં શણગાર ગણાતો હોય) ભલેને તેની યુવાનીનો કાળ પસાર થઈ ચૂક્યો હોય તો પણ.'**

આ જ રીતે પુરૂષોને એવો હુકમ આપવામાં આવ્યો છે કે (પોતાની) સ્ત્રીઓના ખાતર શણગાર સજે જેથી તે બીજા કોઈની તરફ આકર્ષિત ન થાય.

ઈમામ અર રઝા(અ.) ફરમાવે છે :

**'પુરૂષનું સ્ત્રી માટે શણગાર સજવાનું કાર્ય સ્ત્રીના સતીત્વ(પવિત્રતા)માં વધારો કરે છે.'**

**'અને એક વ્યક્તિએ(કદાચ આક્ષેપ કરવાના હેતુથી) આપને પ્રશ્ન પૂછ્યો : શું આપે ખિઝાબ કર્યો છે ખરો ? તો આપે ફરમાવ્યું : હા, મેં મહેંદી અને કતમ(એક ખાસ પ્રકારના ઘાસ)થી ખિઝાબ કર્યો છે. શું તને ખબર નથી કે આ તો સવાબનું કાર્ય છે કેમકે સ્ત્રી તારામાં એ જ વસ્તુ જોવા માગે છે જે તું તેનામાં જોવા માગે છે અને કેટલીક સ્ત્રીઓ એવી હોય છે કે જેઓ માત્ર (પોતાના) પતિઓની આળસ અને દોષ જોવાની વૃત્તિના કારણે જ પવિત્રતાથી દૂર થઈ જાય છે.'** *

# મુરીદોમાં પીરનું મહત્વ

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

પારા-૧૧, સૂરા-૧૦, આયત-૧૦૦

**'કોઈ પણ વ્યક્તિ અલ્લાહની સંમતિ વગર ઈમાન લાવી શકતી નથી અને તે (અલ્લાહ) નાપાકી એ જ લોકો પર નાખી દે છે જેઓ અક્કલનો ઉપયોગ કરતા નથી.'**

મોમિન કોમે પીરના ચહેરા તરફ નજર કરી કલમો પઢ્યો, ઈમાન લાવી. પીર કબીરૂદ્દીન બાવાના ચહેરા તરફ નજર કરી, મોમિન કોમ ઈમાન લાવી. તેમાં અલ્લાહની સંમતિ હતી. એનો અર્થ એ થયો કે મોમિન કોમને ઈમાન લાવવામાં પીર કબીરૂદ્દીન બાવા સહાયક થયા. પીર છે તો તમારી કોમનું ઈમાન છે. પીર ન હોત તો તમારી કોમનું ઈમાન ન હોત.

પારા-૨૨, સૂરા-૩૪, આયત-૬૨ પ્રમાણે

**'અલ્લાહનો એ જ નિયમ છે કે જે અગાઉ થઈ ગયેલા લોકોમાં પણ ચાલુ હતો અને તું અલ્લાહના નિયમમાં કોઈ પણ ફેરફાર હરગીઝ જોશે નહીં.'**

મોમિન કોમની હિદાયત ફક્ત કબીરૂદ્દીન બાવાથી જ નથી થઈ પરંતુ તેમના સિલસિલામાં થયેલા બધા પીરોથી થઈ. એનો અર્થ એ થયો કે મોમિન કોમ પોતાના ઈમાનને સાચવવા દરેક જમાનામાં પીરની મોહતાજ રહી.

પારા-૧૧, સૂરા-૯, આયત-૧૧૫ પ્રમાણે

**'અલ્લાહનું આ કામ નથી કે કોઈ કોમને હિદાયત કર્યા પછી તેનાથી હિદાયતની પ્રેરણા ખૂંચવી લે જ્યાં સુધી કે તેમના પર (આ) જાહેર કરી ન નાખે કે તેમણે કઈ કઈ વસ્તુઓથી બચવું જોઈએ, બેશક અલ્લાહ દરેક વસ્તુથી સારી પેઠે વાકેફ છે.'**

તમારી કોમની હિદાયત અલ્લાહે પીર વડે કરી છે, તો અલ્લાહ તમારી કોમને પીરથી ગુમરાહ નહીં કરે. જેવી રીતે તેણે વરસાદ માટે વાદળ, પ્રકાશ માટે સૂર્યને બનાવ્યો છે તેવી જ રીતે તમારી કોમની હિદાયત માટે પીરને બનાવ્યા. તો જેવી રીતે વાદળ વગર વરસાદ અને સૂર્ય વગર પ્રકાશ અશક્ય છે, તેમ પીર વગર તમારી હિદાયત અશક્ય છે. તમારી કોમને હિદાયત માટે પીરની મોહતાજ બનાવી છે.

પારા-૩, સૂરા-૨, આયત-૨૫૬ (આયતુલ કુરસી)

**'ધર્મમાં કોઈ જાતની બળજબરી નથી ખરે જ હિદાયત ગુમરાહીથી જુદી થઈ ચૂકી છે પછી જે કોઈ જૂઠા ખુદાઓનો ઈન્કાર કરે અને અલ્લાહ પર ઈમાન લાવે તો ખચીત જ તેણે અલ્લાહના મજબૂત્ રસ્સાને પકડી લીધો કે જે કદી તૂટનાર નથી.'**

દુનિયામાં હિદાયત કરવા અલ્લાહે જે પણ પયગમ્બરોને મોકલ્યા તે બધાએ પોત પોતાના જમાનામાં બળજબરી કરી નથી પરંતુ દલીલો વડે લોકોને સમજાવ્યા અથવા ઓછી સમજ ધરાવનાર માટે મોઅજિઝા બતાવ્યા.

તમારી કોમને પણ પીરોએ હિદાયત કરી તો બળજબરી નથી કરી પરંતુ તમે તેમની કરામત જોઈને ઈમાન લાવ્યા. અલ્લાહે હિદાયતને ગુમરાહીથી જુદી કરીને બતાવી છે એટલે સામાન્યમાં સામાન્ય માણસને પણ ખબર પડે કે આ હિદાયત છે અને આ ગુમરાહી. હિદાયત હાદીથી આવશે અને ગુમરાહી શયતાન તરફથી

આવશે. માટે જ અલ્લાહે દરેક હાદીને મોઅજિઝા આપ્યા, તેના હાદી હોવાની સાબિતી માટે. જ્યારે ગુમરાહ કરનાર પાસે મોઅજિઝા હોતા નથી પરંતુ જુલ્મ હોય છે, જુલ્મથી ગુમરાહ કરે છે.

પીરોને તમારી કોમની હિદાયત માટે મોકલ્યા તો તેમને કરામત આપી તેમની સચ્ચાઈની સાબિતી માટે, જેથી ઓછી બુધ્ધિવાળા પણ સમજી શકે કે હાદી કોણ છે અને ગુમરાહ કોણ છે ? કોની વાત માનવી અને કોની વાત ન માનવી ? પછી જે માણસ સમજીને હાદીની વાત પર ઈમાન લાવે છે તેના હાથમાં અલ્લાહની મજબૂત રસ્સી આવી જાય છે. તમારી કોમ જ્યારે પીર પર ઈમાન લાવી તો તમારા હાથમાં અલ્લાહની રસ્સી આવી ગઈ કે જે કદી પણ તૂટવાની નથી. અલ્લાહની રસ્સી માટે પણ તમારી કોમ પીરની મોહતાજ છે.

પારા-૨૧, સૂરા-૩૧, આયત-૨૨

**'અને જે વ્યક્તિ પોતાના મામલાને અલ્લાહને સોંપી દે છે અને સદાચારી પણ હોય તો ખચીત જ તેણે મજબૂત રસ્સાને પકડી લીધો અને સઘળા મામલાઓનું પરિણામ અલ્લાહ તરફ જ છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહની રસ્સી પકડવી એટલે કે પોતાની દરેક બાબતને અલ્લાહને સોંપી દેવી. એટલે જ્યારથી તમારી કોમ પીર પર ઈમાન લાવી એટલે કે તેણે પોતાની દરેક બાબત અલ્લાહને સોંપી દીધી, ત્યારથી પોતાની જાતને અલ્લાહને સોંપવા માટે પણ તમારી કોમ પીરની મોહતાજ.

પારા-૩, સૂરા-૨, આયત-૨૫૭

**'જે લોકો ઈમાન લાવ્યા, અલ્લાહ તેમનો હિમાયતી છે. તે તેમને અંધકારમાંથી કાઢીને પ્રકાશમાં લઈ આવે છે અને જેમણે ઈન્કાર કર્યો તેમના હિમાયતી શયતાનો છે કે જે તેમને પ્રકાશમાંથી કાઢીને અંધકારમાં લઈ જાય છે. આ લોકો જ આગના રહેવાસી છે જેમાં તેઓ હંમેશને માટે રહેનાર છે.'**

આ આયત પ્રમાણે માણસના બે હિમાયતી છે; એક અલ્લાહ અને બીજો શયતાન. આપણે આકાશમાં નજર કરીશું તો બન્નેમાંથી કોઈ પણ દેખાશે નહીં; ન તો અલ્લાહ દેખાશે કે ન તો શયતાન. તો કેવી રીતે જાણી શકાય કે આ હિમાયતી કોણ છે ? અને જેનું ઈમાન સલામત છે તેનો હિમાયતી અલ્લાહ છે અને જેણે ઈન્કાર કર્યો તેનો હિમાયતી શયતાન થઈ જાય છે.

તમારી કોમનું ઈમાન પીરથી સલામત છે. તો જ્યાં સુધી તમે પીર પરના ઈમાનને સાચવ્યું છે ત્યાં સુધી તમારો હિમાયતી અલ્લાહ છે કે જે તમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જશે. તમારે ગભરાવાની જરૂર નથી. તમારે પ્રયત્ન કરવાનો નથી. ફક્ત ઈમાન સાચવવાનું છે. અલ્લાહ જ તમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જશે. મૂંઝવણમાંથી ઉકેલ તરફ લઈ જશે અને જો તમે પીર પરથી ઈમાન હટાવ્યું તો તમારો હિમાયતી શયતાન બની જશે કે જે તમને પ્રકાશમાંથી અંધકાર તરફ લઈ જશે. તમારી કોમ અલ્લાહને હિમાયતી બનાવવામાં પણ પીરની મોહતાજ છે.

પારા-૧, સૂરા-૨, આયત-૨૭

**'જેઓ અલ્લાહ સાથેનો કરાર તેના નક્કી થયા પછી તોડી નાખે છે અને જે સંબંધોનો અલ્લાહે હુકમ કર્યો છે તેને કાપી નાખે છે અને દેશમાં ફસાદ કરતા રહે છે તે જ લોકો નુકસાનમાં રહેનાર છે.'**

તમારી કોમે જ્યારે પીરના ચહેરા તરફ જોઈને કલમો પઢ્યો અને ઈમાન લાવી તો તે અલ્લાહ સાથેનો કરાર થયો. અલ્લાહે તમારા દિલમાં ઈમાન નાખ્યું અને આ રીતે તમારી કોમને પીર સાથે જોડી દીધી તો જ્યાં સુધી તમે આ સંબંધ પીરથી જાળવશો તો તમે ફાયદામાં રહેશો અને જો સંબંધ તોડી નાખ્યો તો નુકસાનમાં રહેશો.

જ્યારે કાસમઅલી બાવા(રહે.)ને ઝેર આપ્યું

અને હસનઅલી બાવા(રહે.) ઘર છોડીને જતા રહ્યા અને સાધુઓમાં ભળી ગયા ત્યારે તમારી કોમમાંથી ખેરાલુ તાલુકાના કોઈ મોમિને પીર હસનઅલી બાવા(રહે.)ને સાધુઓની ટોળીમાં જોયા અને તે ઓળખી ગયો. હસનઅલી બાવા(રહે.)એ જોયું કે આ મને ઓળખી ગયો છે તો તેને કહ્યું કે મારી વાત જમાઅતમાં ના કહેતો નહિતર તારું નખ્ખોદ વળી જશે. તે મોમિને વિચાર્યું કે મારું નખ્ખોદ જશે પરંતુ જમાઅતનું તો ભલું થશે ને ? તેમ વિચારીને તેણે જમાઅતમાં હસનઅલી બાવા(રહે.)ની વાત કરી. પછી જમાઅત આપને લઈને પાલનપુર આવી ત્યાં નવાબે તેમના માટે ઘર આપ્યું અને મહેરઅમ્મા જોડે લગ્ન પણ કરાવી દીધાં. આ કિસ્સાથી સાબિત થયું કે પીર અને મુરીદનો સંબંધ અલ્લાહે જોડ્યો છે અને મુરીદોને પીરના મોહતાજ બનાવ્યા છે, નહિતર જમાઅત પીરને શોધવા જતી નહીં અને એવું વિચારતી કે આ તો સારું થયું. ટાઢા પાણીએ ખસ ગઈ. જમાઅત બીજાઓને પણ કહી શકતી કે અમે તો પીરને માનવાવાળા છીએ. પીર જ જતા રહ્યા તો અમે શું કરીએ ? પરંતુ જમાઅતને પીર વગર ચાલ્યું નહીં એટલે જ તેણે પીરની શોધ કરી અથવા એવું પણ કહી શકતી કે ચાલો તે પીર જતા રહ્યા તો શું થયું ? અમે બીજાને પીર માની લઈશું. આ ગાદી એવી છે કે જો પીર ગાદી મૂકીને જતો રહે તો પણ તેણે ગાદી પર પાછા આવવું પડે છે અને મુરીદ પણ પીરને માનવા માટે મજબૂર છે કેમકે અલ્લાહે સંબંધ જોડ્યો છે.

પારા-૨૪, સૂરા-૪૦, આયત-૧૫

**'તે અલ્લાહ ઉચ્ચ દરજ્જાવાળો અને અર્શનો માલિક છે પોતાના બંદાઓમાંથી જેના પર ચાહે છે પોતાની આજ્ઞાથી રૂહુલ કુદુસના વડે ફૈઝ પહોંચાડે છે જેથી તે બંદો કયામતના દિવસથી લોકોને ડરાવે.'** - કિબ્લા સૈયદ મકબૂલએહમદના કુરઆનના અનુવાદમાંથી. (તફસીરે કુમીમાં છે કે અલરૂહ એટલે રૂહુલ કુદ્સ અને તેમાં જનાબે રસૂલે ખુદા(સ.) અને ઈમામો ખાસ છે.)

આ આયતથી સાબિત થાય છે કે જે બંદાને મોહંમદ વ આલે મોહંમદથી ફૈઝ મળે તે જ બીજાને કયામતથી ડરાવી શકે છે.

તમારી જમાઅતને કયામતથી તમારા પીરે ડરાવી છે. સાબિત થયું કે તમારા પીરને મોહંમદ વ આલે મોહંમદથી ફૈઝ મળે છે. મોહંમદ વ આલે મોહંમદ તમારા પીરના સરપરસ્ત છે. જો તમે પીર સાથે સંબંધ રાખશો તો તમે મોહંમદ વ આલે મોહંમદથી લાભ મેળવી શકશો એટલે કે મોમિન જમાઅત મોહંમદ વ આલે મોહંમદથી લાભ મેળવવા માટે પીરની મોહતાજ છે.

પારા-૬, સૂરા-૫, આયત-૩૫

**'હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહનો ભય રાખો અને તેના સુધી પહોંચવાનો આધાર શોધો અને તેના માર્ગમાં અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરો કે**

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૫

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبَّنَآ اِنَّنَآ اٰمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَقِنَا عَذَابَ النَّارِ ﴿۱۶﴾

**રબ્બના ઈન્નના આમન્ના ફગ્ફિરલના ઝોનૂબના વકેના અઝાબન્નાર.**

(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૧૬)

અર્થ : અય અમારા પરવરદિગાર ! બેશક અમે ઈમાન લાવ્યા છીએ માટે તું અમારા ગુન્હા માફ કરી દે અને અમને જહન્નમની આગના અઝાબથી બચાવી લે.)

**જેથી તમે સફળતા મેળવો.'**

કુરઆન પર ઈમાન ધરાવનાર દરેક પર અલ્લાહનો હુકમ છે કે અલ્લાહ સુધી પહોંચવાના વસીલાની શોધ કરો. આ આયતથી જેની પાસે અલ્લાહ સુધી પહોંચવાનો વસીલો ન હોય તેના પર ફર્ઝ થયું કે તે શોધ કરે.

તમારી મોમિન જમાઅત આ બાબતમાં ભાગ્યશાળી રહી. તમારે વસીલાની શોધ કરવાની ન રહી. પરંતુ અલ્લાહની કુરબતના વસીલાએ તમારી શોધ કરી. તમે તો કાશીની જાત્રા કરવા જઈ રહ્યા હતા. માર્ગમાં પીર કબીરૂદ્દીન બાવા(રહે.) મળી ગયા. તેમનો ચહેરો જોયો અને કલમો પઢી લીધો. પીરના ચહેરામાં આ શક્તિ ક્યાંથી આવી ? તમારા પીર મોહંમદ વ આલે મોહંમદથી જોડાયેલા અને મોહંમદ વ આલે મોહંમદ અલ્લાહ સાથે જોડાયેલા છે એટલે તમને પીરના રૂપમાં અલ્લાહની કુરબત મળી તેથી તમે કલમો પઢી લીધો.

તો જ્યાં સુધી તમારો સંબંધ પીરથી હશે ત્યાં સુધી તમને અલ્લાહની કુરબત મળશે. તો તમારી જમાઅત અલ્લાહ સાથે કુરબત મેળવવાની બાબતમાં પણ પીરની મોહતાજ છે.

પારા-૧૨, સૂરા-૧૧, આયત-૯૬ થી ૯૯

**'અને ખચીત જ અમોએ મૂસાને અમારી નિશાનીઓ તથા ખુલ્લી દલીલો સાથે મોકલ્યો હતો, ફિરઓન અને તેના સરદારો તરફ, પણ તે સઘળાઓએ ફિરઓનની આજ્ઞાનું પાલન કર્યું જોકે ફિરઓનની આજ્ઞા સમજપૂર્વકની નહોતી. કયામતના દિવસે તે પોતાની કોમની આગળ આગળ ચાલશે અને તે સઘળાઓને જહન્નમ તરફ લાવી મૂકશે અને તે બૂરા ઊતારાની જગ્યા હશે કે જ્યાં તેઓ ઊતરશે અને આ જગતમાં તેમની પાછળ લાનત લગાડી દેવામાં આવી છે અને કયામતના દિવસે પણ, આ કેવી બૂરી હશે તે ભેટ કે જે (તેમને) આપવામાં આવશે.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહ જેને પણ મોકલે છે, પોતાની નિશાની, મોઅજિઝા તથા ખુલ્લી દલીલો કે જે તરત સમજવામાં આવે, તેને આપે છે. બધા જ પયગમ્બરો અલ્લાહ તરફથી મોઅજિઝા લઈને આવ્યા. તો જે અલ્લાહ તરફથી હશે તેની પાસે મોઅજિઝા હશે.

તમારી કોમ માટે પીર આવ્યા તો તેઓ કરામત લઈને આવ્યા જેથી તેમની સચ્ચાઈની સાબિતી મળી જાય. આ આયતથી જાણવા મળ્યું કે જે લોકોએ ફિરઓનની વાત માની તેઓ કયામતમાં ફિરઓનની પાછળ પાછળ જશે. તો દુનિયામાં તમે જેની પણ વાત માનો તો વિચાર કરીને માનજો કે યોગ્ય છે કે નહીં. તમારી જમાઅતે પીરની વાત માની તો કયામતમાં તમે પીરની પાછળ પાછળ જશો.

હવે જોઈએ કે પીર ક્યાં લઈ જશે ?

પારા-૨, સૂરા-૨, આયત-૧૬૬

**'એ કેવો કઠણ સમય હશે જ્યારે પેશ્વા લોકો પોતાના માનનારાઓથી પોતાની જાતને અલગ રાખશે અને તેઓ પોતાની નજરે અઝાબને જોશે અને તેમના આપસના સંબંધો તૂટી જશે.'**

અલ અખ્તસાસમાં શેખ મુફીદ અલયહર રહમાની રિવાયત સાથે અને અમાલીમાં શેખ સદૂક(રહે.)ની રિવાયત સાથે જનાબ ઈમામ જાફર સાદિક(અ.)થી રિવાયત છે કે કયામતના દિવસે એક પોકારનાર અર્શથી એવો પોકાર કરશે કે જમીનમાં ખુદાના જે ખલીફા હતા તે ક્યાં છે ? એ વખતે હઝરત દાઉદ(અ.) ઊભા થશે ત્યારે અલ્લાહ તરફથી એવો અવાજ આપવામાં આવશે કે ખુદાના ખલીફા તમે પણ હતા પરંતુ આ સમયે તમે મુરાદ નથી. ફરી વાર અવાજ આપવામાં આવશે કે જમીન પરના ખુદાના ખલીફા કોણ છે? એ વખતે જનાબે અમીરૂલ મોમિનીન અલી ઈબ્ને

અબિતાલીબ(અ.) ઊભા થશે. પછી ખુદા તરફથી એવો અવાજ આપવામાં આવશે કે અય પેદા કરવામાં આવેલ સમુદાય ! આ અલી ઈબ્ને અબીતાલિબ ખુદાની જમીનમાં ખુદાના ખલીફા અને તેના બંદાઓ માટે તેની એક હુજ્જત હતા. જે માણસ દુનિયામાં તેમના સિલસિલા સાથે સંકળાયેલો હતો તે આજના દિવસે પણ એમનો દામન પકડી લે અને તેમના નૂરની રોશની પ્રાપ્ત કરે અને ઉચ્ચ પ્રકારની જન્નતોમાં ઊંચા દરજ્જાઓ સુધી તેમની પાછળ પાછળ ચાલ્યો જાય. એ વખતે તે લોકો કે જેઓ દુનિયામાં તે હઝરતથી સંબંધ ધરાવતા હતા તે ઊભા થઈ જશે અને તે હઝરતની પાછળ પાછળ જન્નતમાં દાખલ થશે ત્યાર પછી અલ્લાહ તરફથી એક બીજી નિદા (પોકાર) કરવામાં આવશે કે ખબરદાર થઈ જાઓ કે જેમણે દુનિયામાં કોઈ બીજાને ઈમામ માન્યા હતા તેમના માટે આવશ્યક છે કે તેઓ તેમની પાછળ પાછળ ત્યાં ચાલ્યા જાય કે જ્યાં તે જાય.

આ રિવાયતથી આપણને જાણવા મળ્યું કે કયામતના દિવસે હઝરત અલી(અ.) પોતાની સાથે સંબંધ રાખનારની આગળ આગળ ચાલશે અને જન્નતમાં લઈ જશે તે ઉપરાંત તેમના સિલસિલાથી જોડાયેલા પણ તેમની સાથે જોડાઈ જશે. તમારી કોમ પણ પીરથી સંબંધ ધરાવે છે કે જેનો સિલસિલો હઝરત અલી(અ.)થી મળે છે. એનો અર્થ એ થયો કે કયામતના દિવસે તમારી જમાઅતની આગળ આગળ પીર ચાલશે અને તેમની આગળ હઝરત અલી(અ.) ચાલશે અને એવી રીતે જન્નતમાં લઈ જશે.

તો તમે જોયું કે પીરથી સંબંધ રાખવાથી કેટલા બધા ફાયદા થાય છે ? લો તમને ગણી બતાવું.

૧. પીર મળવાથી કલમો મળ્યો.
૨. પીર મળવાથી ઈમાન મળ્યું.
૩. પીર મળવાથી હિદાયત મળી.
૪. પીર મળવાથી અલ્લાહની રસ્સી, કે જે કદી તૂટવાની નથી, તે મળી.
૫. પોતાની જાતને અલ્લાહને સોંપવા માટે પણ પીરની જરૂર.
૬. પીર મળવાથી તમને અલ્લાહની હિમાયત મળી.
૭. પીર સાથેનો સંબંધ અલ્લાહે જોડ્યો છે.
૮. પીરથી મોહંમદ વ આલે મોહંમદનો લાભ મેળવી શકાય છે.
૯. પીરથી તમને અલ્લાહની કુરબત મળી.
૧૦. પીરના સંબંધથી કયામતમાં હઝરત અલી(અ.)ની પાછળ પાછળ ચાલવાનું મળશે.

તો તમને મુબારક થાય કે પીર સાથે સંબંધ રાખવાથી આટલા બધા લાભો તમને મળ્યા. ખબરદાર ! જો હવે પીરથી મોઢું ફેરવ્યું છે તો..!*


**ઝાઝુ દૂધ, ઝાઝા ફેટ, ઝાઝો નફો**

**નવો અને તાજો ફર્મા બ્રાન્ડ**

**કપાસિયા ખોળ**

**ફર્મા કોટન ઈન્ડસ્ટ્રીઝ**

**જીનીંગ, પ્રેસીંગ એન્ડ ઓઈલ મીલ**

ખીજળીયા તળાવ પાસે, હિંમતનગર-ઈલોલ રોડ,
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.
ફોન : (૦૨૭૭૨) ૨૯૧૩૦૫
મોબાઈલ : ૯૪૨૭૦૮૪૭૧૨/૯૪૨૮૧૩૫૮૨૯

# કેન્સર થતું કેવી રીતે અટકાવશો ?

(ગતાંકનું ચાલુ)

**વ્યવસાયિક સંસર્ગ :**

જો એસ્બેસ્ટોસની ફેક્ટરીમાં કામ કરતા કારીગરો ધુમ્રપાન કરતા હોય તો તેમને ફેફસાંના આવરણનું કેન્સર થવાની સંભાવના અનેક ગણી વધી જાય છે. એસ્બેસ્ટોસ, કૃત્રિમ ખાતર, પારજાંબલી કિરણો, વીજ-ચુંબકીય વિકિરણ વગેરેના સંપર્કમાં આવવાથી પણ કેન્સર થવાની સંભાવના વધે છે.

**જાતીય વ્યવહાર :**

સ્ત્રીઓમાં થતા મોટા ભાગના કેન્સર જાતીય વ્યવહાર પર આધારિત છે. આપણા દેશમાં નાની ઉંમરે લગ્ન અને નાની ઉંમરે વધુ બાળકોને જન્મ આપવાના કારણે ગર્ભાશયના મુખમાં થતી ઈજાથી સંલગ્ન કેન્સર થાય છે જે આપણા ત્યાં સૌથી વધુ છે. સામાજિક જીવન બદલાવાની સાથે મોટી ઉંમરે લગ્ન, મોડા બાળકો કે બાળકો ન હોવા, સ્તનપાન ન કરાવવું વગેરેને કારણે સ્તન કેન્સર થવાની સંભાવના રહે છે. પ્રજનન અંગોની અપૂરતી સફાઈ અને એક કરતાં વધુ સાથીઓ સાથે જાતીય વ્યવહારથી ચેપને કારણે પણ કેન્સર થવાની સંભાવના વધે છે.

**મોં અને ગળાના કેન્સરને થતું રોકો :**

* કોઈ પણ પ્રકારના તમાકુનો અને માદક પીણાંનો ઉપયોગ ટાળો.
* મોંની સ્વચ્છતા જાળવો.
* તૂટેલા દાંત કે બરાબર બંધ ન બેસતા દાંતના ચોકઠાંની તાત્કાલિક દાંતના ડૉકટર પાસે સરવાર કરાવો.
* ખૂબ ગરમ ખોરાક કે પીણાં તેમજ મસાલેદાર ખોરાકનો ઉપયોગ ટાળો.
* દર મહિને મોંની જાત તપાસ કરો.
* દાંતના ડૉકટર અથવા સ્વાસ્થ કાર્યકર દ્વારા દર વર્ષે મોંની કે મોંના પોલાણની તપાસ કરાવો.

- મોમિન મેડિકલ સહાય યોજના

નિષ્ણાત ડૉકટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે

# General Knowledge Corner

106

**(૧) હાલનું કેલેન્ડર શાના સંબંધિત છે ?**
(A) જૂલિયન કેલેન્ડર (B) ગ્રિગોરીયન કેલેન્ડર
(C) યહૂદી કેલેન્ડર (D) મૂહમદ કેલેન્ડર

**(૨) વિદ્યુત મોટર કયા નિયમ મુજબ ચાલે છે ?**
(A) ફેરાર્ડના નિયમ (B) લેન્જના નિયમ
(C) ઓહામના નિયમ (D) ફ્લેમિંગના નિયમ

**(૩) નીચેનામાંથી કયો વિષય રોબોટની સાથે સંબંધિત છે ?**
(A) કાઈનેમેટીક્સ (B) સાયબર નેટીક્સ
(C) મિકેનીક્સ (D) હાઈડ્રોલીક્સ

**(૪) નીચેનામાંથી કયા સુલતાને કુતુબમિનારના પાંચમા માળનું નિર્માણ કર્યું હતું ?**
(A) કુતુબુદ્દીન ઔલક (B) ઈલ્તૂતમીશ
(C) ફિરોઝશાહ તુઘલક (D) સિકંદર લોદી

**(૫) નીચેનામાંથી કયા રાજ્યમાં સૌથી વધુ નગરો આવેલા છે ?**
(A) મહારાષ્ટ્ર (B) ગોવા
(C) ગુજરાત (D) પશ્ચિમ બંગાળ

**(૬) 'તેરાતાલી' એ કયા રાજ્યનું લોકનૃત્ય છે?**
(A) કેરળ (B) રાજસ્થાન
(C) મધ્યપ્રદેશ (D) તમિલનાડુ

**(૭) શિક્ષાના મહાકેન્દ્ર 'વિક્રમશીલા'ની સ્થાપના કોણે કરી હતી ?**
(A) બાલાદિત્ય (B) હર્ષવર્ધન
(C) ગોપાલવર્ધન (D) ધર્મપાલ

**(૮) 'માય કન્ટ્રી માય લાઈફ'ના લેખક કોણ છે?**
(A) જસવંતસિંહ (B) લાલકૃષ્ણ અડવાણી
(C) રાજમોહનગાંધી (D) મનમોહનસિંહ

**(૯) દક્ષિણપૂર્વ ગુજરાતમાં સૌથી વધારે પછાત કયો તાલુકો છે ?**
(A) સોનગઢ (B) ઉચ્છલ
(C) નિઝર (D) સાગબારા

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૭**

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

અરફાના દિવસે અરફાતના મેદાનમાં હઝરત ઈમામ હુસૈન(અ.)એ આપેલો ખુત્બો જે અસલમાં દુઆ છે તેને આપણે આગળ વાંચીએ.

**પાક ઔર મુનઝઝા હૈ વો ખુદા જો વાહિદ ઔર અહદ હૈ.** હઝરત ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે કે એ અલ્લાહ સુબ્હાન છે, પાક અને **મુનઝઝા** દરેક વસ્તુથી ઉપર છે, જે **વાહિદ**(એકલો) છે અને **અહદ**(બેજુઝ) છે. **વો ઐસા બેનિયાઝ હૈ જો** અલ્લાહ એવો **લા ઉબાલી** છે કે અહીં ઈમામ હુસૈન(અ.) કુરઆન શરીફની આયતની તિલાવત ફરમાવે છે : **'લમ યલીદ વલમ યૂલદ વલમ યકુલ્લહુ કોફોવન અહદ'** (સૂરએ તૌહીદ, આયત-૪) એટલે કે **વો કીસીકા બેટા હૈ ન બાપ ઔર ન કોઈ ઉસકા કુફવ હૈ.** અલ્લાહ ન કોઈનો દીકરો છે, ન કોઈનો બાપ છે, અને ન કોઈ તેનો સાથીછે. **હમ્દો સના સિર્ફ ખુદા સે મખ્સૂસ હૈ.** જે પણ પ્રશંસા છે, તે ખરેખર અલ્લાહની જ પ્રશંસા છે. **વો ઐસી હમ્દ જો મલાએકએ મુકર્રબીન ઔર અમ્બીયાએ મુર્સલીનકી હમ્દ જૈસી હૈ.** અલ્લાહને જે શોભે એ હમ્દ કેવી હમ્દ છે ? કે જે અલ્લાહના નિકટના ફરિશ્તાઓ અને અલ્લાહે મોકલેલા નબીઓ જે હમ્દ કરે છે તેવી હમ્દ અલ્લાહને શોભે છે.

**ઔર ખુદા કા દુરૂદો સલામ હો ઉસકે બરગુઝીદા મોહંમદ ખાતેમુન્નબીય્યીન પર (સલવાત). ઔર ઉનકી પાકો પાકીઝા ઔર બરગુઝીદા આલ પર** અને અલ્લાહનો દરૂદ અને સલામ થાય મોહંમદ વ આલે મોહંમદ પર.

**ઈસ મકામ પર ઈમામ(અ.)ને ખુદાસે સવાલ કરના શુરૂઅ કીયા.** હઝરત ઈમામ હુસૈન(અ.) હમણાં સુધી અલ્લાહનો શુકર અને અલ્લાહની હમ્દ કરતા હતા, હવે અલ્લાહથી મુરાદો માગવાનું શરૂ કર્યું. **ઔર દુઆમેં ઈસ તરહ મશગૂલ હો ગયે કે આપ કે દોનોં રૂખ્સાર મુબારક આંસુઓંસે તર હો ગયે. આપને ખુદાસે અર્ઝ કી** અને એવી રીતે દુઆમાં તલ્લીન થઈ ગયા કે આપના બન્ને રૂખ્સાર મુબારક(ગાલ) આંસુઓથી તર થઈ ગયા અને આપ કહેવા લાગ્યા,

**ખુદાયા ! મુઝે ઐસા ખૌફ અતા કર કે ગોયા મૈં તુઝકો દેખ રહા હું.** મારા દિલમાં તારા માટે એવો ડર પેદા કરી દે કે જાણે હું સાક્ષાત્ તને જોઈ રહ્યો છું.

**ઔર મુઝકો અપને તક્વે કી સઆદત નસીબ ફરમા.** અને મને તારા તક્વાની, તારી પરહેઝગારીની, તેં જે વસ્તુઓથી મને રોક્યો છે તે વસ્તુઓથી રોકાઈ જવાની ખુશનસીબી અતા ફરમાવ.

**અપની મા'સિયતો નાફરમાની કી બદબખ્તીમેં ન ડાલ.** ગુનાહો અને તારી અવજ્ઞાની બદનસીબીમાં મને નાખતો નહીં.

**અપની કઝાઓ કદર કો મેરે વાસ્તે માયએ ખૈરો બરકત બના દે.** મારા મુકદ્દરને મારા માટે સારું અને બરકતવાળું બનાવી દે. **તાકિ તેરી તાખીરમેં ઉજલત ઔર તેરી ઉજલતમેં તાખીર કો અચ્છા ન સમઝૂ.** કે જેમાં તું મોડું કરવાનું ઈચ્છતો

હોય, વિલંબ કરવાનું ઈચ્છતો હોય તેમાં હું જલ્દબાઝી ન કરું. **ઔર તેરી ઉજલતમેં તાખીર કો અચ્છા ન સમઝૂ.** અને જેમાં તું જલ્દીથી કામ કરવાનું વિચારતો હોય તેમાં હું મોડું કરવાનું વિચારું નહીં.

**ખુદાયા ! મેરે નફસમેં બેનિયાઝી,** મારા નફસને એવો બનાવી દે કે **દિલમેં યકીન** મારા દિલમાં યકીન પેદા કર, **અમલમેં ઈખ્લાસ.** મારા કાર્યોમાં ખુલૂસ, પ્રેમભાવ પેદા કર. **આંખોમેં નૂર,** મારી આંખોમાં નૂર અતા ફરમાવ. **ઔર મેરે દીનમેં મુઝે બસીરત અતા કર.** અને મારા દીન, મારા મઝહબનાં જે પણ કાર્યો હું કરું તેમાં મને સૂઝબૂઝ અતા ફરમાવ.

**ઔર મેરે આ'ઝા મેરે લીયે ફાયદેમંદ બના દે.** મારા શરીરના અવયવો મને ફાયદો પહોંચાડે એવા બનાવી દે અને નુકસાન પહોંચાડે એવા ન બનાવ.

**મેરી સમાઅતો બસારત**(આંખ, કાન)**કો મેરા વારિસ બના દે.** મારી આંખ અને કાનની સીમા મારી વારસદાર થઈ જાય તેવી બનાવી દે.

**ઔર મુઝ પર ઝુલ્મ કરનેવાલે કે ખિલાફ મેરી મદદ ફરમા.** જે મારા ઉપર જુલ્મ કરવા માગે તેની સામે મારી મદદ કર.

**ઔર મુઝસે ઈન્તેકામ (લેનેવાલે કો) મુઝે દિખા દે ઔર ઈસકે ઝરીયે મેરી આંખેં ઠંડી કર દે.** અને મારાથી બદલો-વેર લેનારાને મને ઓળખાવી દે કે જેથી મને રાહ થઈ જાય કે કોઈ અજાણ્યો માણસ મારાથી વેર નહીં લે. જે વેર લેશે તે જાણીતો છે.

**ખુદાયા ! મેરા ગમ દૂર કર દે.** યા અલ્લાહ ! મારું દુઃખ દૂર કરી દે.**મેરા પર્દા કાયમ રખ.** મારો જે ઐબનો પરદો છે તેને ઉઠાવી ન લેતો. તેને હંમેશાં કાયમ રાખજે. **મેરી ખતા માફ કર દે.** મારી ભૂલોને તું માફ કરી દે. **શયતાન કો મુઝસે દૂર રખ.** શયતાનને મારાથી દૂર રાખ. **ઔર મુઝે કૈદ સે રિહાઈ અતા કર.** અને જે પણ મારી ટેવ, કુટેવ, જે પણ મારી કમીઓ હોય તેની કેદમાંથી મને છુટકારો અપાવ. **ઔર અય મેરે મા'બૂદ ! મુઝે દુનિયાઓ આખેરતમેં બુલંદ દર્જાત ઈનાયત ફરમા.** દુનિયા અને આખેરતમાં મારા મરતબા વધારી દે.

**ખુદાયા ! તમામ તારીફે તેરે લીયે હૈ કે તૂને મુઝે પૈદા કીયા.** યા અલ્લાહ ! બધી પ્રશંસા તારા માટે છે કે તેં મને જન્મ આપ્યો. **તૂને પૈદા કીયા તો સુનને ઔર દેખનેવાલા બનાયા.** આવી રીતે જન્મ આપ્યો કે હું જોઈ શકતો હતો અને સાંભળી શકતો હતો. **ઔર હમ્દોસના તુઝસે મખ્સૂસ હૈ ક્યું કે તૂને મુઝે પૈદા કીયા તૂને અપની રહેમત સે મેરી ખિલ્કત કો કામિલ બનાયા.** બધી પ્રશંસા તારા માટે જ છે કારણ કે જ્યારે તેં મને પેદા કર્યો તો તારી રહેમત વડે મારા સર્જનને સંપૂર્ણ કર્યું. **જબ કે તૂ મેરી ખિલ્કત સે બેનિયાજ થા.** જ્યારે કે તું એવો હતો કે મારા સર્જનને સંપૂર્ણ ન કરત તો ય તને કોઈ દોષ આપનારો ન હતો.

**પરવરદિગારા ! તેરી હમ્દ બજા લાતા હું કે તૂને મુઝકો પૈદા કીયા ઔર મેરી તબીયતમેં એ'તિદાલ રખ્ખા,** સઘળી પ્રશંસા તારી છે કે તેં મને જન્મ આપ્યો એવી રીતે કે મારા સ્વભાવમાં સૌમ્યતા હતી. **તૂને મુઝકો ખલ્ક કીયા ઔર મેરી સૂરતકો અચ્છા ઔર મુનાસિબ બનાયા.** સઘળી પ્રશંસા તારી જ છે કે તેં મારું સર્જન કર્યું તો મને મારા દેખાવને સારો બનાવ્યો, ખરાબ ન બનાવ્યો.

**પરવરદિગારા ! તેરી હમ્દ બજા લાતા હૂં કે તૂને મુઝ પર એહસાન કીયા ઔર આફિયતે નફસ અતા કી.** બધી પ્રશંસા તારી છે કે તેં મારા ઉપર અહેસાન કર્યો અને મને નફસની ઈચ્છાઓની

સલામતી(આફિયત) અતા ફરમાવી.

**પરવરદિગારા ! તેરી હમ્દ બજા લાતા હૂં કે તૂને મુઝે બચાયા ઔર તૌફીક ઈનાયત કી.** યા અલ્લાહ ! હું તારી પ્રશંસા કરું છું કે તેં મને બચાવ્યો અને કામયાબી **તૌફીક** -એટલે જે પણ નેક કાર્યો આપણે કરીએ, એની અંદર અલ્લાહ તરફથી આપણને કામયાબી મળે તેને અલ્લાહ તરફની તૌફીક કહેવામાં આવે છે.

**પરવરદિગારા ! ચૂંકિ તૂને મુઝે નેઅમત દી પસ મેરી હિદાયત ફરમાઈ.** સઘળી પ્રસંશા તારી જ છે કે તેં મને નેઅમત આપી અને મને હિદાયત ફરમાવી કે નેઅમતોનો કઈ રીતે ઉપયોગ કરવો.

**પરવરદિગારા ! ચૂંકિ તૂને મુજે ઉલૂયત બક્ષી ઔર મુઝે હર ચીઝ મેં સે કુછ ન કુછ અતા કીયા.** તારી પ્રશંસા છે કે તેં મને ઉલૂયત, ઊંચો મરતબો આપ્યો અને દરેક વસ્તુમાંથી કાંઈ ને કાંઈ મને અતા ફરમાવ્યું.

**પરવરદિગારા ! તેરી હમ્દ બજા લાતા હૂં કે તૂને મુજે ખિલાયા ઔર સયરાબ કીયા.** સઘળી પ્રશંસા તારી છે કે તેં મને ખાવાનું ખવડાવ્યું અને પીવા માટે પાણી આપ્યું.

**પરવરદિગારા ! તેરી હમ્દ બજા લાતા હૂં કે તૂને મુજે માલદાર કીયા ઔર મેરી હિફાઝત ફરમાઈ.** સઘળી પ્રશંસા તારી છે કે તેં મને, અહીં **માલદાર** ઉર્દૂમાં શબ્દ છે પણ અરબીમાં **ગની** છે. ગની, માલદારને નથી કહેતા પરંતુ જેને કોઈ જરૂરિયાત જ ના હોય. માલદાર પણ એક પ્રકારનો ગની છે. પરંતુ ફકીર તો એવો ગની છે કે જેને કોઈ જરૂરિયાત જ મહેસૂસ નથી થતી. તો અરબીમાં શબ્દ છે **ગની.** કે બધી પ્રશંસા તારી છે કે તેં મને ગની બનાવ્યો અને મારી સુરક્ષા કરી. મને કુનૂત કરનારો બનાવ્યો.

**પરવરદિગારા ! તેરી હમ્દ બજા લાતા હૂં કે તૂને મેરી મદદ કી ઔર મુઝકો ઈઝઝત દી.** બધી પ્રશંસા તારી છે કે તેં મારી મદદ કરી અને મને ઈજ્જત આપી.

**પરવરદિગારા ! તેરી હમ્દ બજા લાતા હૂં કે તૂને મુઝકો ખાસ કરામત કા લિબાસ પહેનાયા.** મને કરામતનો પહેરવેશ પહેરાવ્યો. તેના માટે તારી પ્રશંસા છે. **ઔર કાફી હદ તક મસ્નૂઆત કો મેરી દસ્તરસ મેં રખ્ખા.** અને દરેક વસ્તુ, જે મારા માટે જરૂરી હતી, તેં મારી પહોંચથી દૂર ન રાખી, મારી પહોંચમાં જ તેં રાખી.

**મોહંમદ વ આલે મોહંમદ પર દુરૂદ નાઝિલ ફરમા. હવાદિસે રોઝગાર વ તબ્દીલીએ શબો રોઝ કે અસરાતસે મુઝે મહેફૂઝ રખ.** યા અલ્લાહ ! તું મને દરરોજના થતા ફેરફારો, મુસીબતોથી સુરક્ષિત રાખ અને દિવસ અને રાતના તફાવતના કારણે થતી મુસીબતોથી મહેફૂઝ રાખ.

આ સિવાય એક વાક્ય ઉર્દૂમાં રહી ગયું છે અરબીમાં છે. તમને વાંચીને સંભળાવી દઉં અને ગુજરાતીમાં અનુવાદ કરી દઉં. **વન્નજની મિન અહવાલિદ્દુન્યા વ કોરોબાતિલ આખેરહ વ અકફેની સર્રમા યઅ્મલુઝઝાલેમૂન ફિલ અર્ઝ.** યા અલ્લાહ ! મને નજાત આપ દુનિયાની ભયાનકતાથી અને આખેરતની મુસીબતોથી અને દુનિયાના જાલિમોના શરથી મને બચાવતો રહે.

**અલ્લાહથી દુઆ કરીએ કે અલ્લાહ દુઆ માગવાના આદાબની આપણને હિદાયત ફરમાવે, આમીન.**


(ઈલોલ તલાવ, તા.૨૨-૧૦-૨૦૦૯, ગુરૂવાર)

**G. K. Corner Solution (106)**

(૧) ગ્રિગોરીયન કેલેન્ડર (૨) ફ્લેમિંગના નિયમ (૩) મિકેનીક્સ (૪) ફિરોઝશાહ તુઘલક (૫) ગોવા (૬) રાજસ્થાન (૭) ધર્મપાલ (૮) લાલકૃષ્ણ અડવાણી (૯) નિઝર

# ગ ડ મ થ લ ૨૧૫

::::: સંપાદક:::::
મો.કાસમભાઈ ઈબ્રાહીમભાઈ
વિજાપુરા (મહેરપુરા)



## ::::: આડી ચાવીઓ :::::

(૧) જિંદગી, જીવન, અસ્તિત્વ (૩)
(૩) કાયમ રહેનારું, શાશ્વત (૩)
(૫) નુકસાન, ખોટ (૩)
(૬) પાણીનું કે હવાનું મોજું, પ્રવાહ (૩)
(૭) તિરસ્કૃત કે બહિષ્કૃત કરેલ, હાંકી કાઢવામાં આવેલ(૩)
(૧૦) હઝરત મૂસા(અ.)ના જમાનાનો એક પ્રખ્યાત મહાકંજૂસ ધનિક (૩)
(૧૧) મેઘગર્જના, વીજળીનો કડાકો, કુરઆનના એક સૂરાનું નામ (૩)
(૧૪) પિતા, બાપ, દુલ્હનને વિદાય કરતી વખતે ગવાતું ગીત (૩)
(૧૬) નમાઝ માટેનો અરબી શબ્દ (૩)
(૧૮) મિત્ર, દોસ્ત, સાથીદાર (૩)
(૧૯) સ્થળ, જગ્યા (૩)
(૨૦) હરણની ડૂંટીમાંથી નીકળતો એક સુગંધી પદાર્થ(૩)
(૨૨) કાર્યસાધક માધ્યમ, ઉપાય, સાધન (૩)
(૨૩) ઈસ્લામી મૃતદેહને દફન કર્યા પછી અપાતો ઉપદેશ (૩)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) જગતનાં પ્રથમ મહિલા (૨)
(૨) તરફેણ કરનાર, સમર્થક (૫)
(૩) હંમેશાં રહેનારું ઘર, પરલોક, મૃત્યુ પછીનું સ્વર્ગ(૫)
(૪) મહેરબાની દર્શાવનાર (૫)
(૫) સાવચેત, સાવધાન, હોંશિયાર (ચેતવણીસૂચક શબ્દ)(૫)
(૮) સહાયતા, સહાય, પક્ષપાત (૩)
(૯) અરબીમાં રાત (રાત્રિ) માટે વપરાતો શબ્દ (૨)
(૧૨) સહિષ્ણુ, સહનશીલ, સબર કરનાર (૩)
(૧૩) કિશોરાવસ્થા (૫)
(૧૫) ઘોડા, વગેરેને અંકુશમાં રાખવાની દોરી (૩)
(૧૬) પાઠ, પદાર્થપાઠ, બોધપાઠ, શિક્ષા (૩)
(૧૭) આશરે, અંદાજે, અનુમાનતઃ (૫)
(૧૯) રોગી, બીમાર માણસ (૩)
(૨૧) આમ, આવી રીતે (૧)

## ગડમથલ નં.૨૧૪નો ઉકેલ

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કો | શિ | ૨ શ | | ૩ અ | દ | ૪ લ | | ૫ જ | દી | દ |
| ઢ | | હે | | સ | | દ | | મ | | |
| | | ન | | ૬ દુ | ખ્ખા | ન | | ૭ ક | રી | ૮ બ |
| ૯ જ | | શા | | લ્લા | | સી | | રા | | લ |
| ઝા | | હ | | ૧૦ હ | લી | લ | | ૧૧ ન | જ | દ |
| | | | | | | | | | | |
| ૧૨ બ | ૧૩ જા | | | ૧૪ ક | સ | ૧૫ મ | | ૧૬ ખા | ૧૭ ક | |
| | હો | | | | | દી | | | દ | |
| | જ | | | ૧૮ સ | ફી | ના | | | ર | |
| | લા | | | લા | | | | | દા | |
| ૧૯ હ | લી | મ | | ૨૦ મ | લ | ક | | ૨૧ સ | ન | દ |

# વસીલો અને શિર્ક

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ પોતાની કલામે પાક કુરઆનમાં સાચા રસ્તાને શોધી કાઢવાની જે હિદાયત કરી છે તે સંદર્ભમાં **'વસીલા'**ની સંકલ્પના કે જેને આપણામાંના મોટા ભાગના લોકો ભૂલથી **'શિર્ક'** ગણે છે, તેની ચર્ચા કરવાનો અને સમજવાનો આ મારો નમ્ર પ્રયાસ છે. આપણે આવું કરવાનું વલણ એ કારણે ધરાવીએ છીએ કે આપણે સન્માર્ગથી ભટકી જવાનું ઈચ્છતા નથી કેમકે આપણે અલ્લાહને ચાહીએ છીએ અને શક્ય હોય ત્યાં સુધી તેનું અનુસરણ કરવાની અને તેની આજ્ઞાઓ પાળવાની ઈચ્છા ધરાવીએ છીએ.

જ્યારે આપણે આપણા જીવન તરફ દષ્ટિપાત કરીએ છીએ તો આપણને જોવા મળે છે કે આપણે આપણાં મા-બાપ દ્વારા આ દુનિયામાં આવ્યા છીએ. અલ્લાહ એવું ફરમાવે છે કે તે આપણા બધાને જન્મ આપે છે. અલ્લાહ ફરમાવે છે કે તે પોતે જ આપણને ઉછેરીને મોટા કરે છે. પરંતુ (દુનિયામાં) આપણે જોઈએ છીએ કે આપણને ઉછેરીને મોટા કરવામાં તો આપણાં મા-બાપ પરિશ્રમ ઉઠાવે છે. હવે જો આપણે આપણાં મા-બાપની ઉપેક્ષા કરવાનું શરૂ કરીએ અને એવું કહીને એમની સાર સંભાળ ન લઈએ કે - **'તમે તો કંઈ જ કર્યું નથી. એ તો અલ્લાહ છે કે જેણે મને જન્મ આપ્યો છે અને મને ઉછેરીને મોટો કર્યો છે.'** આપણું આવું કહેવું અલ્લાહને બિલકુલ પસંદ નહીં પડે અને તે અવશ્ય આપણને શિક્ષા કરશે. જો આપણે આપણા વસીલાનું સન્માન ન કરીએ, કે જે તેણે એક ખાસ હેતુ માટે પસંદ કર્યો છે, અને તેની ઉપેક્ષા કરતા રહીશું તો તે બાબત અલ્લાહને નહીં ગમે. આપણે બાળકને તેના માત-પિતા પાસેથી ઘણી બધી વસ્તુઓ માગતું જોઈએ છીએ. શું આને શિર્ક કહેવાશે ખરું? ના. નહીં કહેવાય. મા-બાપ બાળક માટેનો યોગ્ય વસીલો છે કે જેના દ્વારા અલ્લાહ તઆલા બાળકની જરૂરિયાતોને પરિપૂર્ણ કરે છે તેથી આપણે એવું કહી શકીએ છીએ કે વસીલો તો અલ્લાહે જ પસંદ કર્યો છે અને વસીલા પાસેથી વસ્તુઓ માગવી અથવા ઈચ્છવી તે ખુદ અલ્લાહ તઆલા પાસેથી માગવા બરાબર છે.

ચાલો, આપણે આ બાબતને એક દષ્ટાંતથી સમજીએ. હું વિદ્યાર્થીઓને શીખવવાનું કાર્ય કરું છું અને એક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની મુલાકાત કરું છું. ઘણા વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવવા માટે મારી તરફ મીટ માંડીને જોઈ રહે છે. હું ઈલ્મ મેળવવા માટે તેમનો વસીલો બનું છું. જ્ઞાન-ઈલ્મ આપનારો તો અલ્લાહ જ છે પરંતુ વિદ્યાર્થીઓને જ્ઞાન આપવા માટે તેણે મારી નિયુક્તિ કરી. હવે જો મારી નિય્યત સારી હોય અને વિદ્યાર્થીઓને શીખવવાની બાબતમાં હું પ્રમાણિક હોઉં તો હું એ વિષયનો નિષ્ણાત બની જવાનો. લોકો મારી વાહ વાહ કરશે અને મને ચાહશે. હવે તમે જ કહો, શું આને શિર્ક કર્યું કહેવાશે ? ના. કદાપિ નહીં કહેવાય. આ તો અલ્લાહની મરજી છે કે મારી સારી નિય્યતનો અને સખત મહેનતનો બદલો હું મેળવું છું.

ફરીથી કહું તો *Advertising* વિષય સિવાયના બીજા વિષયો માટે કે જેમાં હું સારો (શિક્ષક) નથી, તેમાં હું વસીલો બની શકતો નથી. હું *Engineering* કે *Medical Science* વિષયો

શીખવી શકતો નથી તેથી તેનો અર્થ એવો થયો કે અલ્લાહે મને જ્ઞાનના એક જ પાસા માટે વસીલો બનાવ્યો છે.

આના પ્રકાશમાં ચાલો હવે આપણે હઝરત મોહંમદ(સ.) અને આલે મોહંમદ(સ.)ના મહત્વને સમજવાનો પ્રયત્ન કરીએ. પ્રથમ તો આપણે નીચે આપેલ સૂરએ બકરહની આયત નં.૧૨૪નો અનુવાદ જોઈએ :

**'અને (તે સમયને યાદ કરો કે) જ્યારે ઈબ્રાહીમની તેના પરવરદિગારે થોડાક શબ્દોથી પરીક્ષા લીધી અને ઈબ્રાહીમ તેમાં પૂરો ઉતર્યો. (અલ્લાહે) ફરમાવ્યું કે નિઃસંશય હું તને મનુષ્ય માત્રનો ઈમામ(ધર્મનેતા) બનાવનાર છું; (ઈબ્રાહીમે) અરજ કરી, અને મારી ઓલાદમાંથી પણ ? (અલ્લાહે) ફરમાવ્યું, જે જાલિમ હશે તે મારા આ વચનમાં શામેલ નથી.'**

ઉપરોક્ત આયત ઉપરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ ઈબ્રાહીમ(અ.)ની અજમાયશ કરી અને જ્યારે તેઓ તેમાં સફળ થયા તો અલ્લાહે તેમને પેશવા અને ઈમામ બનાવ્યા. ત્યાર પછી તેમણે વિનંતી કરી કે તેમની ઓલાદમાંથી પણ પેશવા અને ઈમામ બને અને આપણે બધા જાણીએ છીએ તેમ મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) એટલે કે બધા જ બાર ઈમામો, જનાબે ફાતેમા સલવાતુલ્લાહે અલૈહા અને હુઝૂર(સ.), આ બધા હઝરત ઈબ્રાહીમ (અ.)ના ઉત્તરાધિકારીઓ છે.

ફરીથી અલ્લાહ તઆલા ફરમાવે છે કે તેણે હઝરત ઈબ્રાહીમ(અ.)ની અજમાયશ(પરીક્ષા) કરી અને તે હતી હઝરત ઈસ્માઈલ(અ.)ની કુરબાની કે જેને અલ્લાહ તેમની પાસેથી ઈચ્છતો હતો. આ આખોય કિસ્સો આપણે બધા જાણીએ છીએ. એનો અર્થ એ છે કે અલ્લાહ પોતાના પસંદ કરેલા બંદાઓની અજમાયશ કરે છે અને ત્યાર પછી જ તેમના ઉપર પોતાની અનંત નેઅમતોની વર્ષા કરે છે.

હવે આપણે હઝરત મોહંમદ(સ.) અને આલે મોહંમદ(સ.)ના જીવન તરફ દષ્ટિપાત કરીએ અને વિવિધ પ્રસંગોએ તેમની થયેલી અજમાયશને જોઈએ. આવા તો ઘણા બધા પ્રસંગો છે પરંતુ હું માત્ર નીચે અમુક જ પ્રસંગોનો ઉલ્લેખ કરું છું.

(૧) જ્યારે હુઝૂર(સ.) બાલ્યાવસ્થામાં હતા અને જ્યારે આપ અનાથ બની ગયા તો હઝરત અબુતાલિબ(અ.)એ આપને ઉછેરીને મોટા કર્યા, તેમનું ભરણપોષણ કર્યું અને દુશ્મનોથી આપનું રક્ષણ કરવા માટે બધું જ કરી છૂટ્યા. પયગમ્બર(સ.)નો જીવ બચાવવા માટે તેઓ હંમેશાં પોતાના સંતાનોની કુરબાની આપવા માટે તૈયાર હતા. તેઓ રાતના સમયે જે પથારી પર હુઝૂર(સ.) સૂતા તેની અને પોતાના બાળકોની પથારીઓની અદલાબદલી કરી દેતા હતા તેથી જો કોઈ બદઈરાદાવાળો માણસ હુઝૂર(સ.)ને હાનિ પહોંચાડવા ઈચ્છે તો હુઝૂર(સ.)ને બદલે અબુતાલિબના બાળકોને હાનિ પહોંચે. અલ્લાહે અબુતાલિબ(અ.)ની પયગમ્બર(સ.)ના વાલી તરીકે નિયુક્તિ કરી.

(૨) શબે હિજરત દરમિયાન જ્યારે હુઝૂર(સ.)ના જીવનું જોખમ હતું ત્યારે મૌલા અલી(અ.) આપની મદદ માટે આવ્યા અને આખી રાત હુઝૂર(સ.)ની પથારી ઉપર સૂઈ રહ્યા. જો કોઈએ એ રાત્રે હુમલો કર્યો હોત તો મૌલા અલી(અ.)ને નુકસાન થાત, નહીં કે હુઝૂર(સ.)ને. અલ્લાહ ખાતર પોતાનો જીવ સમર્પિત કરવા માટે તેઓ તૈયાર હતા.

(૩) આપણે બધા જાણીએ છીએ કે ઈમામ હુસૈન(અ.)એ અલ્લાહ ખાતર પોતાનું આખું

ઘરબાર કુરબાન કરી દીધું. હઝરત ઈબ્રાહીમ (અ.)ને તો માત્ર તેમના એક પુત્રની કુરબાની આપવાનું કહેવામાં આવ્યું હતું કે જે કાર્ય તેમણે પોતાની આંખો ઉપર પટ્ટી બાંધીને પૂર્ણ કર્યું હતું. જ્યારે ઈમામ હુસૈન(અ.)એ પોતાના સમગ્ર પરિવારની કુરબાની પોતાની આંખો ખુલ્લી રાખીને આપી હતી. પછી અલ્લાહ તેમની મરજીને કેમ મંજૂર ન રાખે ?

જ્યારે આપણે આ બધી બાબતોને તાર્કિક દૃષ્ટિએ જોઈએ ત્યારે આપણે સમજી શકીએ છીએ કે અલ્લાહે સૂરએ અંબીયામાં આવું શા માટે કહ્યું છે-

**'અને (હે રસૂલ !) અમોએ તને સઘળી દુનિયાવાળાઓ માટે રહેમત બનાવીને મોકલ્યો છે.'** (સૂરએ અંબીયા, આયત નં.૧૦૭)

અને હઝરત રસૂલ(સ.)એ આ મુજબ ફરમાવ્યું છે :

**'હું અને અલી એક જ નૂરમાંથી પેદા થયા છીએ.'**

(સંદર્ભ : **મસ્નદ એહમદ બિન હમ્બલ, મોવદ્દતુલ કુરબા**-મીરઅલી હમ્દાની શાફઈ, **મનાકિબ ઈબ્ને મગાઝીલી** ફકીહ શાફઈ **ફિરદૌસ**-મૌલાના દયલ્મી)

**'અલી મારાથી છે અને હું અલીથી છું.'**

(સંદર્ભ : **તારીખ ઈબ્ને અસાકિર,** જીલ્દ-૪૨, સફા-૧૮૭, **કન્ઝુલ અમ્માલ,** જીલ્દ-૧૨, સફા-૧૦૪, વગેરે)

આ ઉપરાંત આપે આ મુજબ ફરમાવ્યું છે :

**'હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું.'**

(સંદર્ભ : **સહીહ તિરમિઝી,** જીલ્દ-૬, પેજ-૩૦૭, **કન્ઝુલ અમ્માલ,** જીલ્દ-૪, સફા-૨૨૧, **મસ્નદ એહમદ,** જીલ્દ-૪, પેજ-૯૭૨, **મતાલિબુલ સૂલ,** પેજ-૨૪૨, **સવાએકે મુહર્રકા,** પેજ-૧૧૪, **નૂરૂલ અબ્સાર,** પેજ-૧૧૩, વગેરે)

ઉપરોક્ત બાબતોથી સ્પષ્ટ થાય છે કે મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) બન્ને જગતમાં (એટલે કે દુનિયા અને આખેરત બન્નેમાં) અલ્લાહની રહેમતના વસીલાઓ છે તેથી જ્યારે આપણે તેમની પાસેથી **'રહેમત'** અને **'મદદ'** માગીએ છીએ ત્યારે આપણે શિર્ક કરતા નથી. હકીકતમાં આપણે સાચા વસીલા તરફ જઈએ છીએ કે જ્યાંથી માંગણીઓ મંજૂર થાય છે. તેથી એનો અર્થ એમ પણ થયો કે મોહંમદ વ આલે મોહંમદ જે કંઈ ઈચ્છે છે તેની અલ્લાહ તેમના ઉપર નવાજીશ કરે છે. તેમની મરજી અલ્લાહની મરજી છે.

મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.)ની નિય્યત સાફ હતી અને અલ્લાહના માર્ગને - સિરાતે મુસ્તકીમને અનુસરવાની બાબતમાં તેઓ પ્રમાણિક હતા તે કારણે અલ્લાહે તેમને બદલામાં પોતાની મરજી આપી દીધી. અને જ્યારે આપણે તેમની પ્રશંસા કરીએ છીએ ત્યારે અલ્લાહ પણ ખુશ થાય છે કેમકે આપણે તેના વસીલાની પ્રશંસા કરીને (હકીકતમાં) અલ્લાહની જ પ્રશંસા કરીએ છીએ. જો હું સારું વકતવ્ય આપું અને વિદ્યાર્થીઓ મારી વાહ વાહ કરે તો તેને શિર્ક ન કહેવાય કેમકે અલ્લાહે મારી સખત મહેનતનો મને બદલો આપ્યો છે બસ એવી જ રીતે મોહંમદ(સ.) અને તેમના વંશજોની પ્રશંસાને શિર્ક કહી ન શકાય કેમકે અલ્લાહે તેમને તેમની વફાદારીનો અને પ્રમાણિકતાનો બદલો આપ્યો છે. ✻

**ઈસ્લામી કવીઝ નં. ૧૧૬ના જવાબો**

(૧) શામ (૨) મક્કાથી હબશ (૩) અન્સાર (૪) સીરત (૫) તાગુત (૬) હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ(અ.) (૭) હઝરત નૂહ(અ.) (૮) અલ મુન્તઝર (૯) જંગે ખંદક

# અરબી મૂળાક્ષરોનો પરિચય

**ا અલિફ** **અલિફના અદદ -૧(એક)**

અરબી, ફારસી, ઉર્દૂ, પંજાબી, સિંધી, પુશ્તો અને બલૂચી ભાષાઓની વર્ણમાળાનો પ્રથમ અક્ષર અલિફ છે. જે **અ, ઈ** અને ઉ ના ઉપયોગમાં વપરાય છે. હિન્દી ભાષામાં તે સ્વર તરીકે પ્રયોજાય છે. ઈજિપ્તની હીરોગ્લેફી લિપિમાં બળદનું પ્રતીક હતું આથી જ પ્રાચીન ઈજિપ્તની ભાષામાં બળદને **'આવા'** કહેતા હતા. એના ઉપરથી હનીકી ભાષામાં એનું નામ **અલિફ** થયું. અલિફના બે પ્રકારો છે. **(૧) અલિફે મમ્દૂદા** કે જેનો ઉચ્ચાર **'આ'** થાય છે. **(૨) અલિફે મકસૂરા** કે જેનો ઉચ્ચાર **'અ'** થાય છે. અલિફે મમ્દૂદાને ખેંચીને બોલવામાં આવે છે અને તેના ઉપર 'મદ' (آ) હોય છે. જેમકે آگ، آم، آپ . પરંતુ અલિફે મકસૂરાને અલિફે મમ્દૂદાની માફક ખેંચીને (એટલે કે લંબાવીને) બોલવામાં આવતો નથી જેમકે اگر، اُٹھ

અલામત (અંક ચિહ્ન)ની દૃષ્ટિએ **'અલિફ'**નો અર્થ **'ખુદાએ વાહિદ'** (એટલે કે એક ખુદા), ચળકાટની રેખા (લિસોટો), સચ્ચાઈ, ઈમાનદારી, એકલો, એક, અલગ, વગેરે થાય છે. અબ્જદ (વર્ણના ગાણિતિક મૂલ્ય)ની દૃષ્ટિએ અલિફનો અદદ એક (૧) થાય છે.

**'અલિફ'** ઉપરથી કેટલાક રૂઢિપ્રયોગો પણ બનેલા છે જે નીચે આપેલા છે :

**અલિફ અલ્લાહ** - એકલો, મુફલિસ, ગરીબ, આઝાદના અર્થમાં વપરાય છે.

**અલિફકે નામ બે નહીં જાનતે** - તદ્દન નિરક્ષર એવો અર્થ થાય છે.

**અલિફ ખીંચના** - વેરાગ્ય લેવો, સાધુ બનવું, ફકીરી ધારણ કરવી.

**અલિફસે બે ન કહેના** - કોઈને કંઈ ન કહેવું / કોઈને બૂરું ન કહેવું.

**અલિફસે બે ન સુનના** - પોતાની બાબતમાં બિલકુલ ન સાંભળવું.

**અલિફ હોના** - ગુસ્સે થવું, આવેશમાં આવવું./ ઘોડાના પાછલા પગો પર ઊભા રહેવાની ક્રિયાને પણ 'અલિફ હોના' કહેવાય છે.

**અલિફ, બે, તે પઢાના** - બાળકને કક્કો બારાખડી શીખવાડવી / અણસમજુ કે મૂર્ખ માણસને કોઈ વાત શરૂઆતથી સમજાવવી.

---

**ب બે** **'બે'ના અદદ -૨(બે)**

**'બે'** અરબી, ઉર્દૂ, ફારસી, ભાષાઓની વર્ણમાળાનો બીજો અક્ષર છે. અબ્જદની ગણતરીમાં 'બે'ના અદદ બે (૨) નક્કી થયેલ છે. અરબી તર્કીબ (મિલાવટ)માં બે મકસૂર હોય છે એટલે કે તેની નીચે ઝેર મૂકવામાં આવે છે અને તેના નીચે મુજબ અર્થ થતા હોય છે. **(૧) થી, સાથે** જેવો અર્થ થાય છે. દા.ત. **બિલ ઈરાદા, બિલ વાસ્તા (૨) કસમ** એવો અર્થ થાય છે જેમકે **વલ્લાહ બિલ્લાહ (૩) વસીલાથી** જેવો અર્થ થાય છે જેમકે **બેહુર્મતુન્નબી** કેટલીક વખત નીચે મુજબ હર્ફ બદલાઈ જાય છે. જેમકે **'બે'**ને બદલે **'પે'** બોલાય છે. દા.ત. **બાદશાહ- પાદશાહ, બતાશા- પતાશા, 'જીમ'** ભૂલના - જુલના **'દાલ'** કબ-કદ, **'ગાફ'** ભોલા- બગૂલા, સાબુદાના- સાગૂદાના, **'લામ'** ટબા- ટીલા **'મીમ'** બનીબ નીબૂ- લીમૂ **'વાવ'** સેબ- સેવ, બાબા- બાવા

**'બે'ના નીચે આવેલ નુક્તા વિષે :**

ب(બે)માં 'બે'ના નીચે એક નુક્તો હોય છે.

સૂરએ અલ્હમ્દની તફસીરમાં અમીરુલ મોમિનીન હઝરત અલી(અ.)એ ફરમાવ્યું છે કે જે કાંઈ કુરઆનમાં છે તે સૂરએ ફાતિહામાં છે, જે ફાતિહામાં છે તે 'બિસ્મિલ્લાહ'માં છે અને જે બિસ્મિલ્લાહમાં છે એ બધું બિસ્મિલ્લાહના 'બે'માં છે. જે બિસ્મિલ્લાહના 'બે'માં છે તે નુક્તામાં છે અને એ 'બે'ની નીચેનો નુક્તો હું છું. (અના નુક્તતો તહતલ બાહી.) *

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ✻ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ✻

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### તારાઓના પ્રકાશ ઉપર વાતચીત

(ગતાંકનું ચાલુ)

શીઆહના એક જૂથનું એવું કહેવું છે કે ઈમામ તો ઈમામ, ખુદા પણ અશક્ય કાર્ય કરી શકતો નથી. આ વિષય ઉપર શીઆહ આલિમોમાં સદીઓથી ફિલોસોફીની ચર્ચા ચાલુ છે કે શું ખુદા અશક્ય કાર્ય કરવાની કુદરત ધરાવે છે ? અને કેટલાકનું કહેવું છે કે નથી કરી શકતો. જેમનું કહેવું છે કે અલ્લાહ તઆલા અશક્ય વાત કરવાની કુદરત ધરાવે છે એમણે એવો વિચાર વ્યક્ત કર્યો છે કે માનવજાતિની સીમિત શક્તિના કારણે કેટલાંક કાર્યો માનવજાતિને અશક્ય લાગે છે* માટે મુશ્કેલ કાર્ય આપમેળે અશક્ય થઈ જતું નથી બલ્કે માનવજાતિની સીમિત શક્તિના કારણે તેને કેટલાંક કાર્યો અશક્ય લાગે છે જેવી રીતે કે એક બે વર્ષના બાળક માટે વીસ કિલો વજન ઉપાડવું મુશ્કેલ છે. પરંતુ શીઆહ આલિમોનું અન્ય જૂથ કહે છે કે કેટલાંક એવાં કાર્યો પણ છે કે જે અશક્યતાની શ્રેણીમાં આવે છે. દા.ત. સરવાળાને સંખ્યાની બરાબર કરવો કારણ કે બુદ્ધિની દૃષ્ટિએ આ વાત શક્ય નથી પરંતુ એ લોકો કે જેઓ એવું માને છે કે અલ્લાહ તઆલા દરેક અશક્ય વાત કરી શકે છે તેમનું કહેવું છે કે સરવાળો અને તેની સંખ્યાઓ આપણી બુદ્ધિના આધારે જુદાં જુદાં છે.

પરંતુ શક્ય છે કે કોઈ અન્ય બુદ્ધિ સરવાળા અને તેની સંખ્યાઓને એક જેટલી માની શકે એ લોકોનું કહેવું છે કે અલ્લાહ તઆલા વિખરાયેલાં અને ધૂળમાં મળેલાં હાડકાંને પણ એકઠાં કરશે અને માણસને તેના કાર્યોના હિસાબ માટે જીવતો કરશે કે જેથી માણસ સજા કે જઝા પામી શકે. આ કાર્ય મુશ્કેલ છે પરંતુ અલ્લાહ તઆલા આ મુશ્કેલ કાર્ય કરવાનો છે. જે કોઈ અલ્લાહ તઆલાના આ કાર્ય કરી શકવાની બાબતનો ઈન્કારી છે તે મુસલમાન જ નથી કારણ કે મઆદ દીને ઈસ્લામના ઉસૂલોમાંથી છે. સંક્ષેપમાં એ કે શીઆહ મોમિન એવો અકીદો ધરાવે છે કે ઈમામ જાફર સાદિક(અ.) આલમની જન્મતિથિ જાણતા હતા પરંતુ તે વિશે તેમણે વિચાર વ્યક્ત કર્યો નહીં જેથી કે લોકો પરેશાન ન થઈ જાય. ઈમામ જાફર સાદિક(અ.)નું ફરમાન છે કે જો આજથી લઈને મારા જીવનના છેલ્લા તબક્કા સુધી મને એવું પૂછવામાં આવે કે આલમના પહેલાં કઈ વસ્તુ અસ્તિત્વ ધરાવતી હતી ? તો હું કહીશ કે આલમ અસ્તિત્વ ધરાવતું હતું.

આ વિષયથી સ્પષ્ટ થાય છે કે ઈમામ જાફર સાદિક(અ.) આલમને અઝલી માનતા હતા. ઈમામ જાફર સાદિક(અ.)નું આલમ વિશેનો એક રસપ્રદ દૃષ્ટિકોણ આલમના ફેલાવાને

* આ વાત માનવામાં આવે તેવી છે કારણ કે માનવજાતિ આજે એવાં એવાં કાર્યો કરી રહી છે કે જે આજથી એક સદી પહેલાં અશક્ય લાગતાં હતાં. દા.ત. ચંદ્ર અને અન્ય ગ્રહો ઉપર જવું વગેરે.

સંકોચાઈ જવા વિશેનો છે જેમાં આપે ફરમાવ્યું છે કે જે પણ દુનિયાઓ અસ્તિત્વ ધરાવે છે તે એક જ પરિસ્થિતિમાં રહેતી નથી.

ક્યારેક તે ફેલાઈ જાય છે તો ક્યારેક તે સંકોચાઈ જાય છે. ઈમામ જાફર સાદિક(અ.)નો આ દૃષ્ટિકોણ પણ તેમના અન્ય દૃષ્ટિકોણની જેમ વૈજ્ઞાનિક લોકો માટે પાયા વગરનો હતો. વૈજ્ઞાનિકો આ દૃષ્ટિકોણને એક કલ્પના સમજયા અને કહ્યું કે ઈમામ જાફર સાદિક(અ.)એ એક એવી વાત કહી છે કે જેના સત્ય હોવા માટે તે બંધાયેલા નથી જ્યારે કે એક વૈજ્ઞાનિક કોઈ પણ વાત કરે છે તો તેના સત્ય માટે બંધાયેલો હોય છે અને વિદ્વાન માટે યોગ્ય નથી કે કોઈ એવી વાત કહે કે જેને તે સત્ય માનતો ન હોય.

જયારે અઢારમી સદી ઈસવી પછી આકાશી દૂરબીનોને વધારે શક્તિશાળી બનાવી દેવામાં આવ્યાં તો ખગોળશાસ્ત્રીઓએ એ દૂરબીનો વડે ન કેવળ સૂર્ય મંડળના ગ્રહોનો પહેલાં કરતાં વધારે સારી રીતે અભ્યાસ કર્યો બલ્કે સૂર્ય મંડળના બહારની દુનિયાને પણ વધારે સારી રીતે જોઈ અને ઈસવી સનની ઓગણીસમી સદીના અડધા ભાગમાં ગ્રહોના પ્રકાશ વડે તેમની અંદર અસ્તિત્વ ધરાવતાં કેટલાંક તત્વોને પણ જાણી લીધાં. વીસમી સદી ઈસવીની શરૂઆતમાં એક યુરોપીય ખગોળશાસ્ત્રી કે જેનું નામ એબે લેમેટ્ર **(Abbé Lemaître)** છે જે મઝહબી પોષાક પણ પહેરતો હતો અને બેલ્ઝીયમ યુનિવર્સિટીમાં પ્રોફેસર પણ હતો તેણે આધુનિક વિજ્ઞાનના શરૂઆતના તબક્કાઓમાં જાણી લીધું હતું કે આકાશગંગાનું એક જૂથ કે જે આપણા સૂર્યમંડળથી ઘણું નજીક છે અને તેને સહેલાઈથી જોઈ પણ શકાય છે તે તબક્કાવાર દૂર થતું જાય છે અને આજુબાજુ વિખરાતું જાય છે. લેમેટ્રે પોતાના અવલોકનની જાણકારી ઓબ્ઝર્વેટરીના અન્ય વૈજ્ઞાનિકોને આપી અને તેમને વિનંતી કરી કે તેઓ જાણી લે કે તેનો નિષ્કર્ષ સાચો છે કે ખોટો.

ખગોળશાસ્ત્રીઓ જ્યારે અવકાશમાં કોઈ એવી વસ્તુને જુએ છે કે જેણે પહેલાં દેખા દીધી ન હોય તો તેઓ આ જાણકારી બીજાને આપે છે જેથી તેમને ખબર પડે કે તેમણે જે નિષ્કર્ષ કાઢ્યો છે તે સાચો છે કે ખોટો. અને જો અન્ય વૈજ્ઞાનિક પણ આ વસ્તુને જોઈને એ જ નિષ્કર્ષ કાઢે તો વાત સાબિત થઈ જાય છે કે ભૂલ થઈ નથી. જે કંઈ લેમેટ્રે જોયું હતું તેનું સમર્થન કેટલાક યુરોપીય અને અમેરિકન ઓબ્ઝર્વેટરીઓએ પણ કર્યું અને જાણવા મળ્યું કે આકાશગંગાનું એક જૂથ કે જે સૂર્ય મંડળની સૌથી નજીક છે અને તેને સારી રીતે જોઈ પણ શકાય છે તે દૂર ખસતું જઈ રહ્યું છે જાણે કે તેણે સૂર્યમંડળથી અબોલા લીધા હોય. અને એ આકાશગંગાથી કે જેમાં આપણું સૂર્યમંડળ છે તેનું અંતર તબક્કાવાર વધતું જાય છે.

લેમેટ્ર અને અન્ય વૈજ્ઞાનિકો કે જે જુદી જુદી ઓબ્ઝર્વેટરીઓમાં ગ્રહો ઉપર સંશોધન કરી રહ્યા હતા તેમણે આકાશગંગાના જૂથને આપણા સૂર્ય મંડળની આકાશગંગાથી દૂર ખસવાના વિષય ઉપર એક બીજા સાથે વિચાર વિમર્શ કરવાનું શરૂ કર્યું એટલે સુધી કે બીજા વિશ્વયુધ્ધની આગ ફાટી નીકળી અને તેમાંથી કેટલાક કે જેઓ આ વિષયમાં ખાસ રસ ધરાવતા હતા દા.ત. લેમેટ્ર અને ઈંગ્લેન્ડના ભૌતિકશાસ્ત્રી એડલીંગ્ટન તેઓ આ દુનિયાથી વિદાય થઈ ગયા એટલે આકાશગંગાના દૂર થવાના વિષય ઉપર સંશોધન ઈ.સ. ૧૯૬૦ સુધી વિલંબમાં પડી ગયું કારણ કે અન્ય લોકો ઈચ્છતા નહોતા કે જે સંશોધનની શરૂઆત લેમેટ્રે કરી હતી તેને તેના જ નામથી આગળ વધારે. (ક્રમશઃ)

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૬૩ સૂરએ મુનાફેકૂન**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **તેમણે પોતાની (જુઠ્ઠી) પ્રતિજ્ઞાઓને ઢાલ બનાવી દીધી છે, જેથી લોકોને અલ્લાહના માર્ગથી અટકાવે; બેશક જે વર્તન તેઓ કરે છે તે ઘણું જ બૂરું છે. (૨)**

**આ એ માટે કે તેઓ (જાહેરમાં) ઈમાન લાવ્યા અને પાછા નાસ્તિક બની ગયા; હવે તેમના અંતઃકરણો પર મહોર મારી દેવામાં આવી છે, જેથી તેઓ કાંઈ પણ સમજતા નથી. (૩)**

**અને જ્યારે તું તેમને જુએ તો તેમના (બાહ્ય) શરીર તને સારાં દેખાશે; અને જો તેઓ વાતો કરે તો તું તેમની વાતો (ધ્યાન દઈ) સાંભળશે; (પણ) તેઓ (જ્ઞાન અને સાનથી) એવા (ખાલી) છે જેવા કે લુગડાં પહેરાવી ભીંતને અડકાડી ઊભાં કરેલાં લાકડાનાં ઢીમચાં, તેઓ દરેક કીકીયારીને એવી ધારે છે કે તેમની જ વિરૂધ્ધ છે; એ જ (તારા) દુશ્મન છે, માટે તેમનાથી સાવચેત રહે; અલ્લાહ તેમને ગારત કરે, તેઓ ક્યાં બહેકી જાય છે ? (૪)**

**જ્યારે તેમને કહેવામાં આવે છે કે આવો, અલ્લાહનો રસૂલ તમારા માટે ક્ષમાની દુઆ કરે તો તેઓ પોતાનાં માથાં ફેરવી લે છે; અને તું તેમને જોશે કે તેઓ અભિમાનમાં પીઠ ફેરવી ચાલ્યા જાય છે. (૫)**

એ મુનાફિકોએ પોતાની જૂઠી કસમો માટે એક ઢાલ બનાવી લીધી છે. આપના પયગમ્બરનો એઅતેકાદ રાખવા માટે ખોટી કસમો ખાય છે અને તેઓ લોકોને ખુદાના રસ્તેથી અટકાવે છે અને લોકોને શંકામાં નાખે છે અને હઝરત રસૂલે ખુદા(સ.) પાસે લોકોને જવા દેતા નથી, તેઓ દિલમાં કુફ્ર રાખે છે અને જાહેરમાં ઈસ્લામ લાવે છે.

તેઓ જાહેરમાં ઈમાન લાવ્યા અને દિલથી કુફ્ર કર્યો, તેઓના દિલો ઉપર મહોર મારી દેવામાં આવી છે. તેઓને જાણીને ઈન્કાર કરવાના કારણે તેઓના હાલ ઉપર છોડી આપવામાં આવ્યા છે. અલ્લાહે પોતાની તોફીક તેઓથી લઈ લીધી છે, તેઓ કંઈ વિચારતા નથી અને હક વાતમાં કાંઈ ધ્યાન આપતા નથી, તેઓ હઠધર્મી ઉપર બાકી રહેલા છે.

ઈબ્ને ઓબય ખૂબસુરત અને છટાથી બોલતો હતો અને મુનાફિકોની એક જમાઅત પણ તેના જેવી જ હતી અને તેઓની છટાદાર ભાષાથી લોકો અચંબો પામતા હતા તે વખતે કુદરતે આ આયત નાઝિલ ફરમાવી કે અય મોહંમદ(સ.) ! જ્યારે તું તે મુનાફિકોને જુએ છે ત્યારે તેઓના અંગ અને ખૂબસુરત ચહેરા આશ્ચર્ય પમાડે છે અને તેઓ વાત કરે તો તેઓના શબ્દોમાં મીઠાશ હોય છે અને લોકો તેને બહુ જ દિલચશ્પીથી સાંભળે છે અને તેઓ ઈમાનનો ડોળ કરે છે અને તેથી તું તેઓને મોમિન સમજે છે, પણ તેઓ ભીંતને અડાડી ઊભાં કરેલાં લાકડાનાં ઢીમચાં છે. તે માત્ર ખાલી એક પુતળા જેવા છે, તેઓમાં ન જ્ઞાન છે, ન ઈમાન છે અને ન તો બુધ્ધિ છે, તેઓ મોમિનોના દુશ્મન છે. આ આયતમાં ખુદાએ હઝરત રસૂલે ખુદા(સ.)ના દુશ્મનોને જે બદદુઆ અને લાનત કરી છે તે મોમિનોને શિક્ષણ આપવા માટે છે. આ આયત નાઝિલ થવાના પહેલાં હઝરત રસૂલે ખુદા(સ.)એ ઝૈદ બિન અરકમને બોલાવી કહ્યું કે અય ઝૈદ ! તું ઈબ્ને ઓબય વિષે જે વાતો કહી તે રખેને તારી,

અને તેની વચ્ચે દુશ્મનીના કારણે હોય તો તેણે કહ્યું કે યા હઝરત એમ નથી. આપે ફરમાવ્યું કે કદાચ તું તેની વાત સમજતો ન હો, તો તેણે અર્જ કરી કે હું બરાબર સમજ્યો છું. પછી જ્યારે ઉપરની આયત નાઝિલ થઈ ત્યારે હઝરત રસૂલ(સ.)એ ઝૈદની પાછળ જઈ તેને ઊભો કર્યો અને ફરમાવ્યું કે અય છોકરા ! તેં સાચી વાત કરી હતી અને તારા કાને બરાબર સાંભળ્યું હતું અને તારા દિલે સારી રીતે યાદ રાખ્યું હતું અને તેં જે કંઈ કહ્યું તે ખુદાએ નાઝિલ ફરમાવ્યું.

જ્યારે ઉપરની આયત નાઝિલ થઈ તો ઓબયની કોમે તેની પાસે જઈને કહ્યું કે આ આયતો તારા વિષે નાઝિલ થઈ છે, માટે તું હઝરતની પાસે જા અને માફી ચાહ. આ સાંભળી તે મુનાફિકે કહ્યું કે તેમણે મને ઈમાન લાવવાનું કહ્યું તો હું ઈમાન લાવ્યો, ઝકાત આપવાનું કહ્યું તો ઝકાત આપી, હવે તો મોહંમદ(સ.)ને સજદો કરવાનું બાકી રહી ગયું છે તો તે વખતે આ આયત નાઝિલ થઈ.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **(માટે) તું તેમના હકમાં ક્ષમાની દુઆ માગે યા ન માગે એ સરખું જ છે; અલ્લાહ હરગીઝ તેમના ગુનાહ માફ કરશે નહીં; બેશક અલ્લાહ આજ્ઞાભંગ કરનાર લોકોની રાહબરી કરતો નથી. (૬)**

**આ એ જ (લોકો) છે કે જેઓ (અન્સારોને) કહે છે કે અલ્લાહના રસૂલ પાસે જે (મુહાજેરીન) લોકો છે તેમના પર તમારાં નાણાં ખર્ચો નહીં, અહીં સુધી કે તેઓ (કંટાળીને) વિખરાઈ જાય, જો કે આસમાનો તથા જમીનોના ખજાના અલ્લાહના જ છે, પણ દાંભિકો તે સમજતા નથી. (૭)**

**તેઓ કહે છે કે જો અમે મદીના પાછા ફરીને જઈએ તો ત્યાંના આબરૂદાર લોકો ત્યાંના જલીલ (લોકો)ને જરૂર જરૂર કાઢી મુકશે. જો કે ખરેખરી ઈજ્જત અલ્લાહના માટે છે, અને તેના રસૂલના માટે, અને મોમિનો માટે, પરંતુ મુનાફિકો તે જાણતા નથી. (૮)**

અય મોહંમદ(સ.) ! તું તેઓ માટે ક્ષમાની દુઆ માગ યા ન માગ બધું જ સરખું જ છે. કહે છે કે અબ્દુલ્લાહ ઓબી મદીનામાં આવ્યા પછી બીમાર થઈ બે ત્રણ દિવસ પછી જહન્નમ વાસીલ થયો.

એ મુનાફિકો એવા છે કે તેઓ અન્સારોને કહે છે કે તમો હઝરત રસૂલે ખુદા(સ.)ના માણસોને એટલે સુધી ખાવાનું અને કપડાં ન આપો કે તેઓ કંટાળીને વિખેરાઈ જાય, જો કે આસમાનો તથા જમીનનો ખજાનો અલ્લાહનો જ છે પણ તે મુનાફિકો સમજતા નથી.

ઈબ્ને ઓબય અને તેના ચેલકાઓ કહે છે કે જો આ મુસાફરીથી અમો મદીના પાછા જઈશું તો હલકા માણસોને મદીનાથી બહાર કાઢી મુકીશું અને હલકા માણસથી તેઓનો ઈશારો હઝરત તરફ હતો. તેના જવાબમાં કુદરત ફરમાવે છે કે ખરેખરી ઈજ્જત તો અલ્લાહને માટે છે, તેના રસૂલને માટે અને મોમિનો માટે, પણ મુનાફિકો તે જાણતા નથી. હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે અલ્લાહે ફરમાવ્યું છે કે મેં પાંચ ચીજોને પાંચ ચીજોમાં રાખી છે પણ ઈન્સાન તે ચીજોને અને તેના સ્થળને બીજી જગ્યાએ શોધે છે. (૧) મેં ઈજ્જતને મારી ફરમાબરદારીમાં રાખી છે પણ લોકો તેને બાદશાહીના દરવાજામાં શોધે છે. (૨) મેં ઈલ્મ અને હિકમતને ભૂખમાં રાખેલ છે લોકો તેને તૃપ્તામાં શોધે છે. (૩) મેં રાહત જન્નતમાં રાખી છે અને લોકો દુનિયામાં ચાહે છે. (૪) મેં તવંગરી સંતોષમાં રાખી છે અને લોકો દોલતમાં શોધે છે. (૫) મેં મારી ખુશી આત્માની વિરૂધ્ધમાં રાખી છે પણ લોકો પોતાના આત્માની ઈચ્છામાં શોધે છે. (ક્રમશઃ)



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

## ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>

**(૧૫૮) અપકાર પર ઉપકાર :**

પોતાના ભાઈને ચેતવણી આપો તો ઉપકાર કર્યા પછી અને તેની બૂરાઈનો જવાબ આપો તો પ્યાર મહોબ્બતથી.

**(૧૫૯) આરોપના મોકા :**

જેણે પોતાના નફસને આરોપના ઠેકાણે રાખી દીધો તેને કોઈ કુશંકા કરવાવાળાની નિંદા કરવાનો હક નથી.

**(૧૬૦) પક્ષપાત :**

જે સત્તા મેળવી લે છે તે પક્ષપાત કરવા લાગે છે.

**(૧૬૧) પોતે કહે એ ખરું :**

જે આપમતિથી કામ લેશે તે નાશ પામશે અને જે લોકોના મશ્વેરાથી કરશે તે તેમની બુધ્ધિમાં ભળી જશે.

**(૧૬૨) રહસ્ય :**

જે પોતાના ભેદોને છુપાવશે, તેનો અધિકાર તેના હાથમાં રહેશે.

**(૧૬૩) રંકતા અને નાદારી :**

ગરીબાઈ સૌથી મોટું મોત છે.

**(૧૬૪) હક અદા કરવા :**

જે કોઈ એવા શખ્સનો હક અદા કરી દે કે જે તેનો હક અદા ન કરતો હોય તો જાણે તેણે તેની પૂજા કરી દીધી.

**(૧૬૫) મખ્લૂકની પચરવી :**

ખાલિકના ગુનાહ કરીને મખ્લૂકની ફરમાબરદારી નથી કરી શકાતી.

**(૧૬૬) હક જતા કરવા :**

પોતાનો હક લેવામાં ઢીલ કરવી ગુનાહ નથી. બીજાના હક પર તરાપ મારવી એબ છે.

**(૧૬૭) આત્મશ્લાઘા :**

આપ વડાઈ વધારે અમલથી રોકી લે છે.

**(૧૬૮) મોતની નિકટતા :**

આખેરત નજીક છે અને દુનિયાનો સાથ ઘણો ટૂંકો છે.

**(૧૬૯) સવારનું અજવાળુ :**

આંખોવાળાઓ માટે સવાર ઉજળી થઈ ચૂકી છે.

**(૧૭૦) તૌબામાં મુશ્કેલીઓ :**

ગુનાહ ન કરવા, પાછળથી મદદ માગવા કરતાં આસાન છે.

**(૧૭૧) લોભ લાલચ :**

ઘણી વાર એક ખાવું ઘણા ખાવાથી રોકી દે છે.

**(૧૭૨) અજ્ઞાનતા અને મૂર્ખાઈ :**

લોકો એ વસ્તુઓના દુશ્મન હોય છે કે જેનાથી અજાણ હોય છે.

**(૧૭૩) મશ્વેરો :**

જે વિવિધ મંતવ્યોનો સામનો કરે છે તેઓ ભૂલના સ્થળોને ઓળખી લે છે.

**(૧૭૪) નિય્યતનો રોઝો :**

જે અલ્લાહના માટે ગઝબ(ક્રોધ)ના ભાલાને તેજ કરે છે તે બાતિલના પહેલવાનને કતલ કરવા સમર્થ થઈ જાય છે.

**(૧૭૫) ખોફનો ઈલાજ :**

જ્યારે કોઈ કામમાં ભય અનુભવો તો તેમાં

કૂદી પડો કેમકે વધારે ડર અને બચવું ખતરાથી વધારે ખતરનાક હોય છે.

**(૧૭૬) સરદારની નિશાનીઓ :**

જેટલું દિલ વિશાળ હશે એટલી સર્વોપરીતા વધારે હશે.

**(૧૭૭) બૂરાઈથી રોકવાની રીત :**

દૂરાચારીઓને ઠપકો આપવા સુકાર્યો કરનારને માનપાનથી નવાજો.

**(૧૭૮) દિલની સ્વચ્છતા :**

બીજાના દિલમાંથી બૂરાઈ કાઢી નાખવા માટે પહેલાં પોતાના દિલમાંથી બૂરાઈને ઉખાડીને ફેંકી દો.

**(૧૭૯) જીદ અને હઠધર્મી :**

હઠાગ્રહ ખરા મતને પણ દૂર કરી દે છે.

**(૧૮૦) લાલચ :**

લાલચ સદાની પરાધીનતા છે.

**(૧૮૧) દીર્ઘદષ્ટિ :**

ઉણપનું પરિણામ ક્ષોભ અને સાવચેતીનું ફળ સલામતી છે.

**(૧૮૨) મૌન અને બોલના મોકા :**

શાણપણથી ચૂપકીદીમાં કોઈ સારપ નથી જેવી રીતે જહાલતથી બોલવામાં કોઈ ભલાઈ નથી.

**(૧૮૩) બે અલગ અલગ દાવતો :**

જ્યારે બે વિવિધ આમંત્રણો મળે તો બેમાંથી એક ચોક્કસ ગુમરાહી હશે.

**(૧૮૪) યકીન :**

મને જ્યારથી સત્ય ભણાવવામાં આવ્યું છે, કદી શંકામાં નથી પડ્યો.

**(૧૮૫) સાચું બોલવું :**

મેં ન તો ખોટું કહ્યું છે કે ન મને જૂઠી ખબર આપવામાં આવી છે. ન હું ગુમરાહ થયો છું કે ન મને ગુમરાહ કરી શકાયો છે.

**(૧૮૬) જુલ્મનો અંજામ :**

જુલ્મનો આરંભ કરનારને કાલે પસ્તાઈને પોતાના હાથ કરડવા પડશે.

**(૧૮૭) કૂચનો સમય :**

કૂચનો સમય નજીક આવી ગયો છે.

**(૧૮૮) સત્યથી વેગળાપણું :**

જે હકની વિમુખ થયો તે નાશ પામ્યો.

**(૧૮૯) સહનશીલતા :**

જેને ધૈર્ય મુક્તિ નથી અપાવી શકતું, તેને વિહવળતા મારી નાખે છે.

**(૧૯૦) ખિલાફતનું ધોરણ :**

કેટલું વિચિત્ર ! ખિલાફત માત્ર સહાબિયતના આધારે મળી શકે છે પણ જો સહાબિયત અને સગપણ બન્ને જમા થઈ જાય તો નથી મળી શકતી.

આ અર્થમાં હઝરતનો આ શેર પણ છે :

જો તમે શૂરાથી સત્તા મેળવી છે તો આ શૂરા કેવી છે જેમાં મૂશીર જ બધા ગાયબ છે અને જો તમે કરાબતથી પોતાની વિશિષ્ટતા દેખાડી છે તો તમારો પરાયો તમારાથી વધારે રસૂલે ખુદા(સ.) માટે શ્રેષ્ઠ અને સૌથી નિકટ છે. -સૈયદ રઝી.

**(૧૯૧) દુનિયાની દુખી હાલત :**

ઈન્સાન આ દુનિયામાં એ નિશાનો છે જેના પર મોત તીર ચલાવતી રહે છે અને તે સંકટો અને આફતોનો આસાન શિકાર બન્યો રહે છે. અહીંના દરેક ઘૂંટમાં અંતરાશ છે અને દરેક કોળિયે ગળામાં ડચૂરો છે. ઈન્સાન એક નેઅમત પ્રાપ્ત નથી કરતો કે બીજી હાથમાંથી નીકળી જાય છે અને જીવનના એક દિવસનો સત્કાર નથી કરતો કે બીજો દિવસ હાથમાંથી નીકળી જાય છે.

આપણે મોતના સહાયક છીએ અને આપણા નફસના હલાકતના નિશાના છીએ. આપણે અમરતાની આશા ક્યાંથી રાખીએ જ્યારે કે રાત દિવસ કોઈ ઈમારત ઊભી કરીએ છીએ તો આક્રમણ કરી તેને ઢાળી દઈએ છીએ અને જેને પણ એકત્ર કરીએ છીએ તેને વિખેરી નાખીએ છીએ. *

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, લોકો અબુ મૂસાના સિવાય કોઈનાથી રાજી ન હતા. પછી અબુ મૂસા અને ઉમરૂ બિન આસ અહદનામુ લખવા માટે જનાબે અમીરની ખિદમતમાં હાજર થયા.

લહિયાએ અહદનામુ લખવાનું શરૂ કર્યું જેની શરૂઆત આ મુજબ હતી : 'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ આ એ અહદનામુ છે કે જે અમીરુલ મોમિનીન અલી બિન અબીતાલિબ અને મોઆવિયા બિન અબુ સુફીયાન અને એ બન્નેના સાથીદારોની ઈચ્છા અનુસાર લખવામાં આવે છે..' ઉમરૂ બિન આસે લહિયાને કહ્યું, જનાબે અલી આપના લોકોના અમીર છે, અમારા અમીર નથી. લખાણમાંથી આપનું નામ કાઢી નાખ. અહનફ બિન કૈસે જનાબે અમીરને અરજ કરી, આપ કદી પણ નામ કાઢતા નહીં ભલેને કેટલાક લોકો કેટલાકને કતલ કરી નાખે. જો આપે આપનું નામ લખાણમાંથી કાઢી નાખ્યું તો મને ડર છે કે પછી કદી પણ અમીરુલ મોમિનીનનું નામ આપના માટે કાયમ નહીં કરી શકો. આપે પણ નામ કાઢી નાખવાનો ઈન્કાર કર્યો. અશઅશ બિન કૈસ આ બાબતમાં વિવાદ કરવા લાગ્યો. તેણે આપનું નામ કાઢી નાખ્યું.

જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, અલ્લાહો અકબર ! સુન્નતના મુકાબલામાં સુન્નત પૂરી થઈ ગઈ. અલ્લાહના સોગંદ, હુદૈબીયાના સુલેહનામાના રોજ હું આં હઝરત(સ.)ના અહદનામાનો લહિયો (કાતિબ) હતો. જ્યારે મેં **'મોહંમદ રસૂલિલ્લાહ'** લખ્યું તો કુફ્ફાર કહેવા લાગ્યા, આપ રસૂલિલ્લાહ નથી. અય અલી ! તમે તમારું મુબારક નામ અને તમારા પિતાનું મુબારક નામ લખો. મને આં હઝરત(સ.)એ પોતાનું નામ કાઢી નાખવાનો હુકમ કર્યો. મેં અરજ કરી, મારાથી આવું કદાપિ નહીં બની શકે. હઝરત(સ.)એ ઈરશાદ કર્યો, મને તે જગ્યા બતાવી દો. મેં હઝરત(સ.)ને તે જગ્યા બતાવી. હુઝૂર(સ.)એ પોતાના મુબારક હાથે તેને કાઢી નાખ્યું અને ફરમાવ્યું, તારી સમક્ષ આવી ઈચ્છા પ્રગટ કરવામાં આવશે અને તારે પણ લોકોનું કહેવું માનવું પડશે.

પછી જનાબે અમીર(અ.)એ લહિયાને ફરમાવ્યું, એવું લખ કે આ અહદનામુ અલી બિન અબીતાલિબ અને મોઆવિયા બિન અબુ સુફીયાન તેમજ કુફાવાળા અને શામવાળાઓની ઈચ્છા અનુસાર લખવામાં આવ્યું છે કે અમે ખુદાના હુકમ અને તેની કિતાબને હુકમ મુકર્રર કરીએ છીએ કે જેને તેઓ મોતનો હુકમ દેશે તો અમે પણ તેના મોત ઉપર રાજી રહીશું અને જેને જીવતો છોડશે અમે પણ તેની જિંદગી પર રાજી હોઈશું.

આ રીતે અબુ મૂસા અશઅરી અને ઉમરૂ બિન આસ તેના માટે હુકમ મુકર્રર કરવામાં આવ્યા. જે કંઈ તેઓ બન્ને ખુદાની કિતાબમાં જોવા પામશે તેના ઉપર હુકમ આપશે. જો તેઓ ખુદાની કિતાબમાં જોવા નહીં પામે તો આં હઝરત(સ.)ની સુન્નત, ઈલ્મના ભંડાર, વગેરે તરફ રજૂ થઈશું.

બન્ને ન્યાયકર્તાઓએ જનાબે અમીર(અ.) અને મોઆવિયા તેમજ એ બન્નેના લશ્કરોથી અહદ લઈ લીધો છે અને તે બન્ને જણ તેમની અહલો અયાલ અને જાન અને માલનો કાયદો છે. અને બન્ને ન્યાયકર્તાઓ જે ફેંસલો કરે તેને અમલમાં મૂકવામાં આખી ઉમ્મત તેમની સહાયક બનશે. શરત માત્ર એ છે કે બન્ને ન્યાયકર્તાઓ આખી ઉમ્મતના હકમાં ચુકાદો કરે અને કોઈ ખાસ સમુદાયના કે ફિરકાના હકમાં ન કરે અને રમઝાનના મહિના સુધી આ બન્નેને મોહલત આપવામાં આવે છે અને જો કદાચ એ બન્નેની મરજી હોય તો હું અશઅશ બિન કૈસ અને અદી બિન હજર અને સઈદ બિન કૈસ અલ હમ્દાનિયાવર ઉકબા બિન ઝિયાદ અલ હઝરમી અને યઝીદ બિન હજરતુલ કમીમી અને માલિક બિન કઅબ અલહમ્દાની હઝરત અલી(અ.)ની તરફથી અને અબુલ અઊર અલ નસલમી અને હબીબ બિન સલમા, વગેરે મોઆવિયાની તરફથી ગવાહ તરીકે લખવામાં આવ્યા.

અશઅશે લોકોને અહદનામુ વાંચી સંભળાવ્યું અને આ અહદનામુ બુધવારના દિવસે તેરમી હિજરી-૩૭ના રોજ લખવામાં આવ્યું. બધા લોકોએ એક મત થઈને કહ્યું કે દોમ્મતુલ જંદલમાં ન્યાયકર્તાઓનો મેળાવડો થવો જોઈએ. અઝાન પછી સિફ્ફીનથી લોકો પાછા આવ્યા. અલ્લામા મજલિસી(રહે.) મરૂજલ ઝહબમાં લખે છે કે જનાબે અમીર(અ.)ને સિફ્ફીનમાં એકસો દસ દિવસો સુધી રોકાવું પડ્યું હતું. આપના લશ્કરમાંથી જે લોકો શહાદત પામ્યા એમાંથી પંદર જણ બદરવાળા હતા આથી અમ્માર બિન યાસર, મારૂફ બાબિન સમ્બા(રઝી.) તેમાંથી હતા જેમની ઉંમર એ વખતે ત્રેસઠ વર્ષની હતી. હઝરત અમીર(અ.)ને સિફ્ફીનમાં સિત્તેર લડાઈઓ લડવી પડી.

## બહુઝૂરે મૌલા અલી(અ.)

દર દર ફરીને આવી ઘેલી બનીને આવી,
દર પર તમારા મૌલા દાસી બનીને આવી.

જગ મોહે વન લાગે, જીવનમાં ન મન લાગે,
જ્યારથી તમારા પ્રેમની પ્યાલી પીને આવી.

દોશીને સ્વીકારો, મારા ભાગ જગાડો,
નિરાશ મનમાં આશાની જ્યોત લઈને આવી.

સપનામાં દર્શન આપો મન મારું રાજી થાય,
નબીજીનો વાસ્તો હુસૈનનો ગમ લઈને આવી.

ના કોઈ ભક્તિ કરી જગદાતાની, ના કર્યા કરમ સારા,
મૌલા રાજી થાય અલીની નજરે કરમ લઈને આવી.

મોહંમદો અલીના પ્રતાપે છે બધી ખુદાઈ,
**'મહેર'** તો મોહંમદની ખુશી ખુદાની રઝા લઈને આવી.

**મર્હૂમા જનાબા મહેરફાતેમા બેગમ**
**વિલાયહૈદર જાફરી(છોટીઅમ્મા સાહેબા)**
**તન્વીર મંઝિલ, ધોલકા**

અલ્લામા ઈબ્ને અસીર કામિલ અલ તવારિખમાં હુબા ઈબ્ને જવીનુલ અરબીથી નકલ કરે છે કે મેં હુઝયફા બિન યમાનીથી અરજ કરી કે અમે લોકો ફિત્નામાં આગળ વધવાથી ખૂબ ડરીએ છીએ. તમે અમને તેનાથી બચવાની કોઈ રીત બતાવી દો. તેઓ કહેવા લાગ્યા, જે ટોળામાં ઈબ્ને સમીયા હોય, તમે તે ટોળામાં શામેલ રહો. કેમકે મેં જનાબે રસૂલિલ્લાહ(સ.)થી સાંભળ્યું છે કે તેને સન્માર્ગથી ભટકી ગયેલ વિદ્રોહીઓનું ટોળુ કતલ કરશે અને દુનિયામાં તેમનો છેલ્લો ખોરાક પાણી મેળવેલું દૂધ હશે. હુબા કહે છે કે હું જનાબે અમ્મારની શહાદતના દિવસે તેમની પાસે હાજર હતો. અમ્માર કહી રહ્યા હતા કે મને મારો

દુનિયાનો અંતિમ ખોરાક લાવી આપો. કોઈએ તેમને એક પ્યાલામાં પાણી ભેળવેલું દૂધ લાવી આપ્યું. મેં જોયું કે હુઝયફા(રઝી.)એ આ હદીસની રિવાયત કરવામાં એક જરા જેટલી પણ ભૂલ કરી ન હતી. પછી અમ્માર કહેવા લાગ્યા, આજે આં હઝરત(સ.)નો આશિક આં હઝરત(સ.) સાથે અને તેમના સમુદાય સાથે મુલાકાત કરશે. ખુદાની કસમ, અગર લોકો મને પથ્થર ઉપર પટકી દે તો પણ હું એ જ માનું છું કે અમે હક પર છીએ અને તે લોકો બાતિલ પર છે. ત્યાર પછી અમ્માર લડાઈના મેદાનમાં ગયા અને અબુલ ગારિયાના હાથે શહીદ થયા અને ઈબ્ને હવી અલ સકસકીએ તેમનું પવિત્ર સર બદનથી કાપી દીધું. કેટલાક રાવીઓ એવું કહે છે કે આપને અબુલ ગારિયા સિવાય બીજા કોઈએ શહીદ કર્યા છે. તેમની શહાદતના પહેલાં ઝુલકલાહે એક વખત ઉમરૂ બિન આસને એવું કહેતો સાંભળ્યો હતો કે આં હઝરત(સ.)એ અમ્માર વિષે એવું ફરમાવ્યું છે કે અય અમ્માર ! તને વિદ્રોહીઓનું એક ટોળુ શહીદ કરશે અને આ દુનિયામાં તારો આખરી ખોરાક પાણી ભેળવેલું દૂધ હશે. ઘણી વખત ઝુલકલાહ ઉમરૂ બિન આસને કહ્યા કરતો હતો કે અય ઉમરૂ ! તારા પર અફસોસ છે. શું બાબત છે કે અમ્માર જનાબે અલી(અ.)ના પક્ષે છે? ઉમરૂ બિન આસ તેને કહ્યા કરતો હતો કે અગર આ વખતે અમ્માર જનાબે અલી(અ.)ના પક્ષે છે પરંતુ ટૂંક સમયમાં જ તે અમારા પક્ષે ચાલ્યા આવશે. ઝુલકલાહ જનાબે અમ્મારના પહેલાં મોઆવિયાના પક્ષે રહીને માર્યો ગયો અને પાછળથી જનાબે અમ્માર હઝરત અલી(અ.)ના પક્ષ તરફથી માર્યા ગયા. ઉમરૂ બિન આસે મોઆવિયાને કહ્યું, હું નથી જાણતો કે હું આ બન્નેમાંથી કોના કતલ થવા પર વધારે ખુશી જાહેર કરું? અમ્મારના શહીદ થવા પર કે જુલકલાહના માર્યા જવા પર? ખુદાની કસમ જો કદાચ ઝુલકલાહ અમ્મારના પછી પણ જીવતો રહ્યો હોત તો શામની આમ જનતાને સાથે લઈને જનાબે અમીર(અ.) તરફ ચાલ્યો જાત. જ્યારે હઝરત અમ્માર શહીદ થયા તો કેટલાક લોકો મોઆવિયાની પાસે ગયા. તેમાંથી દરેક જણ એવું કહેતો હતો કે મેં અમ્માર ને કતલ કર્યા છે. એટલામાં ઈબ્ને હવી અલ સકસકી આવીને કહેવા લાગ્યો, મેં તેમને કતલ કર્યા છે. મેં તેમને એવું કહેતા સાંભળ્યા હતા કે આજે આં હઝરત(સ.)નો આશિક આં હઝરત(સ.)ને અને તેમના સમુદાયને જઈને મળશે. ઉમરૂ બિન આસે હવીને કહ્યું, તું અને તારો દોસ્ત મોઆવિયા આ બાબત પર ખુશ છો ? અફસોસ છે કે તારા હાથે તેના ઉપર ફતેહ પ્રાપ્ત કરી પરંતુ તેં તારા ખુદાને તારી જાતે જ નારાજ કરી લીધો. (ક્રમશઃ)


## રહેમત સેલ્સ

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ — جُنبشِ لب

## નઝમ ૧૨

(બહુઝૂર હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા(અ.))

روز عاشورِ محرّم، حشر کا، ہنگام ہے
**રોઝે આશુરે મુહર્રમ હશ્રકા હંગામ હૈ,**

پیاس ہے، گرمی ہے، شاہِ دیں ہیں فوجِ شام ہے
**પ્યાસ હૈ, ગર્મી હૈ, શાહે દીં હૈ ફોજે શામ હૈ.**

(મોહર્રમ મહિનામાં આશુરાનો દિવસ કયામતનો દિવસ છે કેમકે તરસ છે, સખત ગરમી છે, દીનના બાદશાહ હુસૈન છે અને બીજી બાજુ શામનું લશ્કર છે.)

صبر کے جوہر دکھانے ہیں شہِ مظلوم کو
**સબરકે જૌહર દિખાને હૈ શહે મઝલૂમકો,**

ورنہ قبضے میں علیؑ کی تیغِ خوں آشام ہے
**વર્ના કબ્ઝેમેં અલીકી તેગે ખૂં આશામ હૈ.**

(જુલ્મનો ભોગ બનેલ માણસોના બાદશાહ હઝરત ઈમામ હુસૈન(અ.)એ દુનિયાને ધૈર્ય અને સહનશીલતાના સદ્‌ગુણો બતાવવાના છે નહિતર આપના કબજામાં મૌલા અલી(અ.)ની લોહી તરસી તલવાર(ઝુલ્ફિકાર) મોજુદ છે.)

بوسہ گاہِ مصطفےٰ ہے شمر کے خنجر تلے!
**બોસાગાહે મુસ્તફા હૈ શીમ્રકે ખંજર તલે,**

شرم اے گردوں یہ کس آغاز کا، انجام ہے
**શર્મ અય ગર્દૂ, યે કિસ આગાઝકા અંજામ હૈ.**

(હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ની ચુંબન કરવાની જગ્યા અર્થાત ઈમામ હુસૈન(અ.)નું ગળુ શીમ્ર મલઊનની કટારીની નીચે છે. અય ઘમંડી ! તને જરા પણ લાજ શરમ છે કે આ કયા પ્રારંભનું પરિણામ છે ?)

حشر تک اب نصب ہے، فتحِ حسینی کا علم
**હશ્ર તક અબ નસ્બ હૈ ફત્હે હુસૈનીકા અલમ,**

تیری کوشش اے یزیدِ بےخبر ناکام ہے
**તેરી કોશિશ અય યઝીદે બેખબર નાકામ હૈ.**

(કયામતના દિવસ સુધી હવે હુસૈન(અ.)ના વિજયનો વાવટો પ્રસ્થાપિત થઈ ચૂક્યો છે. અય નાદાન યઝીદ ! તારા સઘળા પ્રયત્નો હવે અસફળ થવાના છે.)

سرخطِ حفظِ شریعت خون سے تیرے رقم
**સરખતે હિફઝે શરીઅત ખૂનસે તેરે રકમ,**

یا حسینؑ ابنِ علیؑ ! تو محسنِ مسلام ہے
**યા હુસૈન ઈબ્ને અલી ! તૂ મોહસિને ઈમામ હૈ.**

અય અલીએ મુર્તઝા(અ.)ના પનોતા પુત્ર હુસૈન ! શરીઅતે મોહંમદીની રક્ષા કરવાનું લખાણ આપના પવિત્ર ખૂનથી કરબલાની ભૂમિ ઉપર આલેખાઈ ચૂક્યું છે. (ખરેખર) આપ ઈસ્લામ ધર્મના રક્ષણહાર છો.)

| | |
|---|---|
| یہ ہنسی اصغرکی ہے، یا جوہرِ عزمِ حسین | **યે હંસી અસગરકી હૈ યા જૌહરે અઝમે હુસૈન,** |
| تیر کھاکر مُسکرا دینا انہی کا، کام ہے | **તીર ખાકર મુસ્કુરા દેના ઈન્હીંકા કામ હૈ.** |

(આ અલી અસગરનું મંદ મંદ હાસ્ય છે કે પછી ઈમામ હુસૈન(અ.)ના દ્રઢ સંકલ્પનું ગુણદર્શન છે ? ગળા ઉપર તીર ખાધા પછી સ્મિત કરવું એ(બીજા કોઈનું નહીં પણ) એમનું જ કામ છે.)

| | |
|---|---|
| یہ جوانی اے علی اکبر، یہ استقبالِ موت! | **યે જવાની અય અલી અકબર, યે ઈસ્તિકબાલે મૌત,** |
| سال ہے اٹھارواں، یا موت کا، پیغام ہے | **સાલ હૈ અઢારવાં યા મૌતકા પયગામ હૈ.** |

(અય અલી અકબર ! આપની એ ભરપૂર યુવાની અને મોતના સ્વાગતનો એ તરવરાટ ! આ તો અઢારમું વર્ષ છે કે મોતનો સંદેશો છે.)

| | |
|---|---|
| صبرِ ایوّبی کی شہرت ہے زمانے میں مگر | **સબ્રે ઐયુબીકી શોહરત હૈ ઝમાનેમેં મગર,** |
| کربلاکا صبر، مولا آپ ہی کا، کام ہے | **કરબલાકા સબ્ર મૌલા ! આપ હી કા કામ હૈ.** |

(હઝરત ઐયૂબ(અ.)ના સબરની (ધીરજ અને સહનશીલતાની) દુનિયામાં ખ્યાતિ છે પરંતુ અય મૌલા હુસૈન(અ.) ! કરબલામાં આપે બતાવેલ સબ્ર તો માત્ર આપનું જ કામ છે.)

| | |
|---|---|
| ہے غلامیِ شہِ کون و مکاں فخرِ ظہیر | **હૈ ગુલામીએ શહે કૌનો મકાં ફખ્રે 'ઝહીર',** |
| زندگی یونہی گزر جائے تو نیک انجام ہے | **ઝિંદગી યૂં હી ગુઝર જાએ તો નેક અંજામ હૈ.** |

(સમગ્ર સૃષ્ટિના શાસક એવા ઈમામ હુસૈન(અ.)નું દાસત્વ ધારણ કરવું એ તો 'ઝહીર' માટે ગૌરવ લેવા જેવી બાબત છે. બસ આજ અવસ્થામાં જિંદગી પસાર થઈ જાય તો પરિણામ સર્વોત્તમ છે.) *


HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya

**Mo. 98258 81814**



**નજરઅલી યુનુસભાઈ પીયારજી**

**GOLD CLUB MEMBER : HDFC SLIC**

**ઓફિસ** : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪

**રહેઠાણ** : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

**પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર**

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

**જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### ઈખ્લાસ

તસવ્વુફની એક બીજી સાંકળ-સહૃદયતા અથવા 'ઈખ્લાસ' અને નિષ્ઠા અથવા 'નિય્યત' છે. જો માનવીની નિય્યત શુધ્ધ હોય તો જ હેતુની પ્રાપ્તિ સરળ થઈ શકે છે.

તફસીરે મજમઉલ બયાનમાં છે કે એવું દર્શાવવામાં આવ્યું છે કે સહૃદયતા એનું નામ છે કે અલ્લાહનો બંદો પોતાની નિય્યત અને અમલથી પોતાના સર્જકનું ધ્યાન ધરે અને પોતાની આ બંદગીને દુનિયાના કોઈ પણ સ્વાર્થ સાથે સંકલિત ન કરે.'

એ પછી એ જ મુફસ્સીર અલા લહુદ્દીનુલ ખાલિસોની તફસીરમાં ફરમાવે છે :

સહૃદયી(ખાલિસ) એ છે કે જેને ન તો ભપકાની કે ન તો કીર્તિની ઈચ્છા હોય કે ન તો આ જગતના કોઈ સ્વાર્થને પૂરો કરવા માગતો હોય.

ઈસ્લામનો આ સિધ્ધાંત છે કે માનવીના કૃત્યોનું મૂલ્યાંકન એની નિષ્ઠા ઉપર અવલંબિત છે. માનવીની નિય્યત જ એના કામોની સાચી કદર કરાવી શકે છે.

હઝરત ઈમામ જાફરે સાદિક(અ.)ની રિવાયત કરેલી આ હદીસ એનો પુરાવો છે.

**'મોમિનની નિય્યત એના કર્મ કરતાં ય અધિક ચઢિયાતી છે અને ખરાબ કામો કરનારાઓની નિય્યત એમના ખરાબ કામો કરતાં ય વિશેષ ખરાબ છે અને દરેક માણસ પોતાની નિય્યત મુજબ જ કામ કરે છે.'** (સંદર્ભ : **'તરીકત'**ની પ્રસ્તાવના)

- ઈખ્લાસ એટલે નિખાલસતા અને દરેક બાબતમાં પ્રમાણિકતા.
- નિખાલસ બનવું એટલે કે ખરેખર કંઈક એવા અર્થમાં કે જે કંઈ આપણે કહીએ તે ખરેખર આપણે આપણા દિલમાં અનુભવીએ.
- ગુજરાતી ભાષામાં કહેવત છે કે **'હૈયે હોય તે હોઠે આવે'** એવી પરિસ્થિતિ.
- દિલમાં કંઈક બીજું હોય અને હોઠ ઉપર કંઈક બીજું જ આવે એ બાબત નિખાલસતાથી બિલકુલ વિપરિત છે. દિલમાં કપટ હોય અને હોઠ ઉપર મીઠાશ હોય તો તેવો માણસ નિખાલસ ન કહેવાય.
- અમુક કાર્યોમાં નિખાલસતા બતાવવી અને અમુક બાબતમાં નિખાલસતા ન બતાવવી એવું નહીં પરંતુ આપણાં બધાં જ કાર્યોમાં, આપણી બધી જ ક્રિયાઓમાં નિખાલસતા હોવી જોઈએ.
- દેખીતી રીતે તો નિખાલસતા બતાવવાનું કાર્ય ખૂબ સરળ લાગે છે પરંતુ આપણી સમક્ષ મૂકવામાં આવેલ કાર્યોમાં એક સૌથી અઘરા કાર્યોમાંનું એક છે. આપણે આપણા દિલને પ્રશ્ન પૂછવો જોઈએ કે **'જ્યારે હું નમાઝ પઢું છું ત્યારે કેટલો નિખાલસ હોઉં છું ?'**

**નિખાલસ બનવું અઘરું શા માટે છે ? :**

- જ્યારે અલ્લાહ તઆલાએ માણસને પેદા કર્યો...

**સૂરા-૨, આયત-૩૦, અને (હે રસૂલ!) તારા પરવરદિગારે જ્યારે ફરિશ્તાઓને કહ્યું કે પૃથ્વી ઉપર હું (મારો) એક પ્રતિનિધિ નીમનાર છું ત્યારે તેમણે અરજ કરી કે શું તું એવા (પ્રતિનિધિ)ની નિમણુંક કરશે કે જે તે (પૃથ્વી) ઉપર ફસાદ અને ખૂનરેઝી કર્યા કરશે ? જો કે (ખરેખર તો અમારામાંથી જ પ્રતિનિધિ બનાવવો જોઈએ કારણ**

**કે) અમે સાચા અંતઃકરણથી) તારા ગુણ ગાઈએ છીએ તથા તારી પવિત્રતા વર્ણવીએ છીએ, (અલ્લાહે) ફરમાવ્યું કે નિઃસંશય જે હું જાણું છું તે તમે જાણતા નથી.**

- આનો અર્થ એવો થયો કે ફરિશ્તાઓ એ બાબત જાણતા ન હતા કે સર્વશ્રેષ્ઠ સર્જન(માણસ)ની બાબતમાં અલ્લાહની શી યોજના છે.
- ફરિશ્તાઓમાં બુધ્ધિ છે પણ તૃષ્ણા(ઈચ્છા) નથી તેથી તેમની કસોટી થઈ શકે તેમ નથી. ફરિશ્તાઓ તેમને જે કહેવામાં આવે છે એટલું જ કરે છે, તેમની પોતાની કોઈ ઈચ્છા શક્તિ નથી. તેઓ વિચારી શકે છે પરંતુ અલ્લાહની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાવાળી બાબત તેમનામાં નથી.
- અલ્લાહે માણસનું સર્જન કર્યું અને તેને સંતુલન આપ્યું. સમગ્ર બ્રહ્માંડમાં દરેક વસ્તુની વિરોધી વસ્તુ હોય છે, પ્રકાશ-અંધકાર, સારું-ખરાબ વગેરે તો અલ્લાહે માણસને ફુર્કાન આપી -સારું શું છે અને ખરાબ શું છે તે પારખવાની શક્તિ આપી -બે પરસ્પર વિરોધી બાબતોને પારખવાની શક્તિ.
- પછી અલ્લાહ તઆલાએ માણસના નફસના એ પાસાને બનાવ્યું કે જે શયતાનના અવાજને ગ્રહણ કરી લે છે. તે આપણા હૃદયના ઊંડાણમાં ઉતરી જાય છે અને આપણા મગજમાં દુષ્ટ વિચારો ઉત્પન્ન કરે છે. કુરઆનમાં સૂરા-૧૦૪, આયત-૨ થી ૩માં આપણે અલ્લાહને આવા વસવસાઓથી વિચારોથી રક્ષણ આપવાનું કહીએ છીએ કે જે વિચારો આપણા મગજમાં સ્થાન જમાવી દે છે. આની સામે આપણે લડવાનું છે.
- શયતાને પણ અલ્લાહને કયામતના દિવસ સુધી પોતાને સ્વતંત્રતા આપવાનું કહ્યું. અલ્લાહે તેની બાબત સ્વીકારી અને શયતાને કહી દીધું કે હું માણસોને તારાથી ફેરવી નાખીશ.
- સૂરા-૧૫, આયત-૩૬ થી ૪૦

**તેણે કહ્યું કે હે મારા પરવરદિગાર ! ત્યારે તું મને તે દિવસ સુધીની મોહલત આપ કે જે દિવસે સઘળા મનુષ્યોને ઉઠાડવામાં આવશે. (અલ્લાહે) ફરમાવ્યું જે લોકોને મોહલત આપવામાં આવે છે તું પણ તેઓ માંહેનો છે. તે જાણીતા (કયામતના) દિવસના સમય સુધી. તેણે કહ્યું કે હે મારા પરવરદિગાર ! જેવી રીતે તેં મને ભૂલ ખવડાવી છે તેમ હું પણ દુનિયામાં (બૂરી વસ્તુઓ) તેમની નજરમાં જરૂર સુશોભિત બનાવીશ અને અવશ્ય તે સઘળાઓને ભૂલ ખવડાવીશ : સિવાય તેમના કે જેઓ તારા નિખાલસ બંદાઓમાંથી હશે.**

- આમ શયતાન આપણી રાહ જોઈને બેઠેલો છે, તેનો અવાજ આપણા કાનોમાં કાનફૂસી કરે છે, આપણી પ્રશંસા કરે છે અને આપણે કેટલા બધા મહાન છીએ તે આપણને કહે છે. જો આપણે સજાગ ન રહીએ તો આપણી નિય્યત બદલાઈ જશે અને આપણે નિખાલસતાને ગુમાવી દઈશું.
- જ્યારે આપણે નમાઝ પઢીએ ત્યારે આપણે નિખાલસ બનવું જોઈએ. શયતાનના બહેકાવવામાં આવી જવું ન જોઈએ. તે આપણને જલ્દી જલ્દી નમાઝ પઢીને પથારીમાં સૂઈ જવા માટે બહેકાવે છે.

**ઉમ્મીદે લુત્ફ આપસે હૈ એક ખયાલે ખામ,**
**કબ તશ્નાલબકી પ્યાસ બુઝી હૈ શરાબસે.**

(આપના તરફથી મહેરબાનીની ઉમેદ છે અને એક નિષ્ટપટ વિચારની (ઉમેદ છે), હોઠોની તરસ વળી શરાબથી ક્યારે તૃપ્ત થઈ છે ?

- જ્યારે આપણે લોકોની વચ્ચે હોઈએ છીએ ત્યારે પણ શયતાન આપણને બહેકાવે છે તે આપણી નિય્યત ઉપર આક્રમણ કરે છે. લોકોની વચ્ચે નમાઝ પઢીએ ત્યારે તે આપણને ધીરે ધીરે નમાઝ પઢવાનું કહે છે જેથી બીજા લોકો આપણને કહે કે આપણે કેવા મોટા આબિદ છીએ.
- અલ્લાહ તઆલા હદીસે કુદસીમાં ફરમાવે છે :

**'હું એક છૂપો ખજાનો હતો અને મારે જાહેર થવું હતું તેથી મેં (તેમનું) સર્જન કર્યું.'**

- ખજાનો એક એવી વસ્તુ છે કે જેનાથી આપણને લાભ થાય, પછી તે જ્ઞાનની બાબતમાં હોય કે ધનની બાબતમાં, વગેરે.
- અલ્લાહ એક છૂપો ખજાનો છે પરંતુ તેને આપણે કેવી રીતે શોધી કાઢી શકીએ તે અંગેની ઘણી ચાવીઓ તેણે આપણા માટે છોડી છે. કુરઆન શરીફ આવી બધી ચાવીઓથી ભરપૂર છે અને તે ચાવીઓ આપણે કેવી રીતે મેળવી શકીએ તે બાબત પણ જણાવી છે. અલ્લાહનો માર્ગ મેળવવાનું રહસ્ય આપણી નિય્યતને નિખાલસ રાખવામાં રહેલું છે, આપણા દરેક કાર્યને પ્રમાણિક બનાવવામાં અને અલ્લાહને હંમેશાં રાજી રાખવામાં રહેલું છે.
- આ કાર્ય બે રીતે કાર્યાન્વિત થશે. કેમકે અલ્લાહે આપણને જણાવ્યું છે કે જ્યારે આપણે તેને યાદ કરીશું તો તે પણ આપણને યાદ કરશે.

સૂરા-૨, આયત-૧૫૨

**'માટે તમે મારી યાદ કરતા રહો કે હું પણ તમારી યાદ કરું, અને મારો શુક્રિયા અદા કરતા રહો, અને કૃતઘ્ન(નગુણા) બનો નહીં.'**

- આપણાં કાર્યોમાં નિખાલસતા લાવવામાં આપણને અલ્લાહ તરફથી આંતરિક શક્તિ મળશે.
- એક વાર જો આપણે શયતાનના વસવસાઓ ઉપર કાબૂ મેળવી લીધો તો પછી આપણા કાન સાચી હિદાયતને જ પ્રાપ્ત કરશે. થોડોક પ્રયત્ન કરવાની જરૂર છે પરંતુ એનો બદલો આપણી કલ્પનાથી પર છે. *

## ટચૂકડી વાત

એક છોકરાએ પોતાના બાપને પૂછ્યું,

'લોકોની નજરમાં માનવંતા બનવા માટે ઈલ્મ મેળવું કે દોલત ?'

બાપે કહ્યું,

'બન્ને વસ્તુઓ, કેમકે દુનિયાના લોકો બે પ્રકારના છે; જે ખાસ પ્રકારના છે તે લોકો તારા ઈલ્મના લીધે તારું સન્માન કરશે અને જે સામાન્ય લોકો છે તે તારી દોલતના કારણે તારું સન્માન કરશે.' *

## નુસ્ખા

### ઘા-જખમ

* દાઝેલા ઘા પર તુલસીનો રસ અને કોપરેલ ઉકાળીને ચોપડવાથી દાઝેલાની બળતરા મટે છે. ફોલ્લા અને જખમ ઝડપથી રૂઝાઈ જાય છે.
* ગરમ પાણી કે વરાળથી દાઝી જવાય તો તે ભાગ પર ચોખાનો લોટ છાંટવાથી ખૂબ આરામ થાય છે.
* દાઝેલા ઘા પર ઈંડાની સફેદી લગાવવાથી ઘા રૂઝાઈ જાય છે અને ડાઘ રહેતો નથી.
* જખમ, ઘા, ગુમડાં, ચાંદાં, શીતળા, વગેરેમાં બહુ બળતરા થતી હોય તેમાં ચોખાનો બારીક લોટ પાવડરની જેમ ચાંદા પર લગાડવાથી દહ, બળતરા મટે છે.
* દાઝેલા ઘા ઘર છુંદેલો કાંદો લગાડવાથી તરત જ આરામ થાય છે.
* રાઈના લોટને ઘી મધમાં મેળવીને કાંટો કે કાચ વાગ્યો હોય તો તેના પર લેપ કરવાથી કાંટો કે કાચ બહાર આવી જાય છે.



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૭૨**

**જે પીયાજી ને પીરકું રે શેતાંન જાંને,**
**વે કાહે નાં આપકું દોઝખી પિછાંને?**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે જે માણસ પીયાજીને અને પીરને શયતાન સમજતો હોય તે માણસ પોતાની જાતને દોઝખી શા માટે ના જાણે ?)

**જો શેતાંન કે પીછે પીયા કર ધાવે,**
**તો શેતાંન ઉસે તેહકીક દોઝખ લે જાવે.**

(જે માણસ શયતાનને જ પોતાનો પીયુ સમજીને તેની પાછળ પાછળ દોડતો હોય તો શયતાન તેને ચોક્કસપણે દોઝખમાં લઈ જ જવાનો.)

***જે સીધા જે હોવડા ગુના ઉસે આખે,**
**એ ભેદ જે બેદકા યું કર દાખે.**

---

***જે સાદ રે હોવડા ગુના ઉસે આખે.**

(જે માણસ નેકીના કાર્યને ગુના તરીકે આલેખતો હોય તે માણસ શરીઅતનો ભેદ પણ એવી જ રીતે સમજતો હશે.)

**પીયાજી સાદ જે જીવ કીતે,**
**ગુના છુડા કર ભીસત રાહ લીતે.**

(અલ્લાહ તઆલાએ એવા નેક અને સદાચારી જીવોને પેદા કર્યા છે કે જે લોકોને ગુનાહિત કાર્યોમાંથી છુટકારો અપાવીને જન્નતના માર્ગે લઈ જાય છે.)

**જે પીયા કે કહે કું ઉલટા કે'વે,**
**તો હાવીયા રે દોઝખ વે જા રે'વે.**

(જે માણસ અલ્લાહે કહેલી વાતને ઉલટી કરીને લોકોને કહે તે માણસ સૌથી નીચે આવેલા સાતમા દોઝખ હાવીયામાં જઈને રહેશે.)

**જો નબી પહેલી રાહ ફુરકાનમાં કહીએ,**
**તો રાહ રે મહંમદ કયું કર લહીએ?**

(આપણા નબી(સ.)એ કુરઆને મજીદમાંથી જે રસ્તો સૌ પ્રથમ આપણને બતાવ્યો છે તે અલ્લાહનો રસ્તો છે તેને મોહંમદ(સ.)નો રસ્તો કેવી રીતે કહેવાય?)

**પંથી જગ પીરકી રાહ ગમાવે,**
**તો પીર કેરી રાહ બિના દોઝખ જાવે.**

(અલ્લાહના માર્ગ પર ચાલનાર પંથી જો આ દુનિયામાં પીરના રસ્તાને ગુમાવી દે તો પછી પીરે બતાવેલા માર્ગ વગર તે દોઝખમાં જ જશે.)

**જો દુજે પીર એક છોડ જગ કે કહીએ,**
**તો બેદ ઉસ જગ કે કિસ પીર લહીએ?**

(જો એક પીરને છોડીને દુનિયાના બીજા પીરને પીર તરીકે સ્વીકારવામાં આવે તો એ જગતના ધર્મની વાતો કયા પીર પાસેથી પ્રાપ્ત કરવી ?)

**તો બેદ કા પીર એક જગ સર જાંનો,**
**તો દુજે પીર ઉસકે બેદમાં પિછાંનો.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે આ દુનિયામાં તો ધર્મનો રસ્તો બતાવનાર એક જ પીર હોવા જોઈએ. બીજા પીર ન કરવા જોઈએ.)

**પીર એક રાહ જેને પહેલી રે દિખાઈ,**
**યું એક પીર મન જાંન કરો રે કમાઈ.**

(જે પીરે આપણને સૌ પહેલા ધર્મનો રસ્તો બતાવ્યો હોય એ એક જ પીરને સાચા માનીને આખેરતની કમાણી કરવી જોઈએ.)

**માતા પિતાસું કિતનેક પેદા,**
**પંખી જીવડે પરસવ બેદા.**

(માતા અને પિતા દ્વારા કેટલા બધા જીવો પેદા

થાય છે. કેટલાંય પંખી, કેટલાય જીવો અને ઈંડાંમાંથી બચ્ચાં પણ કેટલાં ય પેદા થાય છે.)

**કેતેક હોવે માતા પિતા હો બિના,**
**બિગત એ નીપજ કી સુન રાખ મના.**

(કેટલાક જીવો તો માતા-પિતા વિહોણા પણ હોય છે. અલ્લાહે જે સૃષ્ટિની ઉત્પત્તિ કરી છે તેની વિગતને સાંભળીને તું તારા મનમાં રાખ.)

**જે જેસી ઝાતા ઉસે વેસા લહીએ,**
**પણ બિગત હો બિના ભેદ નાં કહીએ.**

(જે જીવ જેવી જાતનો હોય એવો જ એને માનવો જોઈએ. એનો ભેદ જાણ્યા વિના એની વિગતને જાણી શકાય નહીં.)

**પીયાજી રે ચતુર આપ સુજાંના,**
**એ જિન્સાં રે કીતીઆં આપ કર ધાંના.**

(અલ્લાહ તઆલા પોતે ખૂબ જ ચતુર-બુધ્ધિશાળી અને જ્ઞાની (સારી રીતે જાણવાવાળો) છે. તેણે જીવોની કેટલી બધી જાતિઓ પેદા કરી છે તે બધું તેના ધ્યાનમાં છે.)

**પીયાથી જે પંથી ચતુર હો રે'વે,**
**તો પીયાકા હુકમ ભાંન મનસુ રે કે'વે.**

(જે પંથી પોતાની જાતને પીયાજી કરતાં, અલ્લાહ કરતાં વધારે ચતુર કહેતો હોય તો તે પોતાના મનથી પીયુનો હુકમ તોડવાનો જ.)

**તો દોઝખી વેસા દુજા નાં કોહી,**
**ચતુરાઈકી સજા પાવેગા સોહી.**

(જે માણસ અલ્લાહ કરતાં પોતાની જાતને વધારે ચતુર સમજતો હોય તે બીજો કોઈ નહીં પણ દોઝખી જ છે અને તે પોતાની ચતુરાઈની સજા આવી રીતે મેળવશે.)

**પંથ પીયાકા એસા ખેલા,**
**જો સમજે તો પાવે આપ અકેલા.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયુના પંથનો ખેલ એવો છે કે જે માણસ સમજે તે જ માણસ પોતે એકલો તે પામી શકે.)

**પંથ પીયાકા પંથ હે, જેને જિસ તન ભાર રે,**
**જેને જિસ તન ભાર;**
**કોઈ બેદ બિન બુઝે ભેદ કહે, મુરખ આપ ગમાર રે,**
**મુરખ આપ ગમાર.**

(પીયુનો પંથ તો અનોખો પીયુનો જ પંથ છે જેના શરીર ઉપર તેનો ભાર છે. ધર્મશાસ્ત્રનું રહસ્ય જાણ્યા-સમજ્યા વગર જે ધર્મની વાતો કરે તે માણસ પોતે જ મૂર્ખ અને ગમાર છે.)

**બયાન નં.૭૩**

**બેદ રે પરમાંણે ભેદ જીભે લઈએ,**
**જે રે જીસ ઠાંમા ઉસે વેસા કહીએ.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે જે પ્રમાણે ઈસ્લામી ધર્મશાસ્ત્ર હોય એ પ્રમાણે તેનો ભેદ જીભ ઉપર લાવવો જોઈએ. જે જગ્યાએ જે હોય તેને એ મુજબ જ કહેવો જોઈએ.)

**જે પીયાજીને સરજે આપ મન જાંની,**
**બિગત પીયાને ઉનુંકી પિછાની.**

(પીયાજીએ અર્થાત અલ્લાહ તઆલાએ પોતાના મનથી જાણીને જેનું સર્જન કર્યું છે તેની વિગત અલ્લાહે જાણેલી છે.)

**પીયાને જજુઆ ધરીઆ નાંમા,**
**સબ કાંમ કરે વે અપનો ઠાંમા.**

(અલ્લાહે વિવિધ વસ્તુઓનાં વિવિધ નામ ધર્યાં છે અને એ બધાં પોત પોતાના સ્થાને રહીને કામ કર્યે જાય છે.)

**જિસો જેસી ઝાત પીયાને દીતી,**
**ઈનું તો વેસી કબુલી લીતી.**

(અલ્લાહે જેને જેવી જાત અર્પણ કરી તેણે તેનો એ જ સ્વરૂપે સ્વીકાર કરી લીધો.।

**જું ખાકીને નુરી આતશી કહીએ,**
**બિગત એ ઝાતું કી યું કર લહએ.**

(અલ્લાહે વિવિધ પ્રકારનાં સર્જનો કર્યાં છે

જેમકે માટીમાંથી માણસો, નૂરમાંથી ફરિશ્તા અને આગમાંથી જિન્નાતો. આ બધી જાતોની વિગત આ મુજબ છે.)

**એ તીનું કા નાંમા પીયાજી એ ધરીઆ,**
**નૂર ને આતશી ખાકી કરીઆ.**

(એ ત્રણેયનાં નામ અલ્લાહ તઆલાએ ધર્યાં છે અને તેમને નૂરી, આતશી અને ખાકી એમ અલગ અલગ નામ આપ્યાં છે.)

**જો પંથી ભેદકી બિગત ગુમાવે,**
**તો ખુશાલી સું જીભે દોઝખ જાવે.**

(જો આ રસ્તા પર ચાલનાર પંથી આ સર્જનોના ભેદની વિગતને ગુમાવી દે તો તે ખુશાલીથી જીભ દ્વારા દોઝખમાં જશે.)

**પંથી, ચોપગ જનાવર પીયાને નિપાયે,**
**પંખી, સબ જીવડે, ઉનું સંગ લાગે.**

(અય રસ્તા પર ચાલનાર પંથી ! અલ્લાહ તઆલાએ ચાર પગવાળાં જાનવરોને પેદા કર્યાં છે અને તેમની સાથે પંખીઓ અને બધાં જીવડાં પણ પેદા કર્યાં છે.)

**દો પગે, એક પગે આદમી ગણીએ,**
**એ બી સબ સસટ પીયાકી ભણીએ.**

(બે પગવાળા અને એક પગવાળી મખ્લૂકને આદમી કહેવાય છે આ બધી સૃષ્ટિ પણ અલ્લાહની બનાવેલી છે.)

**પાંણીકે જીવડે પીયાજી રે જાંને,**
**ને જમીંમાં કે જીવડે પીયા રે પિછાંને.**

(અલ્લાહ તઆલા પાણીમાં રહેનારાં જળચર પ્રાણીઓને પણ જાણે છે અને જમીનમાં રહેતાં બધાં જ પ્રકારનાં જીવડાંને પણ જાણે છે. તેનાથી કોઈ સર્જન અજાણ નથી.)

**બેદ માંહે ઈતન બિગત સું આવે,**
**જો પંથી માંહી ઢુંઢે તો ભેદ સું પાવે.**

(જાહેરમાં આટલી વિગતથી બધા જીવો આવે. પરંતુ જો આ રસ્તાનો પંથી શોધવા પ્રયત્ન કરે તો તે બધાનો ભેદ પણ જાણી શકે.)

**પણ જે હુવા જેસા ઉસે વેસા રે આખે,**
**પણ એકકે ઠાંમે દુજેકું નાં દાખે.**

(પરંતુ આ રસ્તાનો પંથી જે વસ્તુનું જેવી રીતે સર્જન થયું છે એવું જ કહે. એકની જગ્યાએ બીજાને ગણે નહીં.)

**કે પીયાજીને જબ મન ધાંન જ ધરીઆ,**
**તબ નાંમ ઠાંમ ઉનુંકા જજુઆ કરીઆ.**

(અલ્લાહ તઆલાએ જ્યારે પોતાના મનમાં ધ્યાન કર્યું ત્યારે એ બધાંનાં નામ-ઠામ અલગ અલગ કર્યાં.)

**પીયા સબ બુઝે જે સુરિજન હારા,**
**બિગત સબુકી ને ઉનુંકા બિચારા.**

(અલ્લાહ કે જે બધાનો સર્જનહાર છે તે બધાની માહિતી જાણે છે. બધાની વિગત પણ જાણે છે અને એમના મનમાં શું વિચારો ચાલી રહ્યા છે તે પણ જાણે છે.)

**જો બિન બુઝે ભેદ પંથી હો આખે,**
**તો પીયાજી હો સરસા આપ મન રાખે.**

(જો પંથી વસ્તુનો ભેદ જાણ્યા વિના તેના વિષે કંઈક કહે તો તે પોતાના મનથી પીયુજી જેવી પોતાની જાતને ગણશે.)

**વે તો અઝાજીલ કહીએ શેતાંના,**
**કે પીયાજી હો સરખા આપ મંન જાંના.**

(જે માણસ પોતાના મનથી પોતાની જાતને પીયુજીના સમકક્ષ ગણતો હોય તો પછી તેને તો અઝાઝીલ શયતાન જ કહેવાય.)

**તો દોઝખ ભીતર ઉસકા બાસા,**
**દીદાર પીયાકી કછુએ નાં આસા.**

(તો એવી વ્યક્તિનું રહેઠાણ તો દોઝખની અંદર છે અને એવો માણસ અલ્લાહના દીદારની કંઈ આશા રાખી શકે નહીં.)

**જિતના રે ભેદ પંથી મન સુઝે,**
**કે'વે ઈતના જિતના રે બુઝે.**

(જેટલો ભેદ પંથીના મનમાં સુજતો હોય, તેણે પોતે જાણતો હોય એટલું જ કહેવું જોઈએ.)

**જેતા ભેદ બુઝે પંથી, એતા આખે,**
**બાકી પીયા બુઝે યું કર દાખે.**
**-: રે તુંહી :-**

(પંથી જેટલો ભેદ જાણતો હોય એટલો જ તેણે બોલવો જોઈએ. બાકીની વાત અલ્લાહ બહેતર જાણે છે એવું તેણે કહેવું જોઈએ.)

**પંથ પીયાકા ઉનુ તના, જે રાહમાં રાખે ચંત રે,**
**જે રાહમાં રાખે ચંત;**
**નહી તો પંથી ભૂલડે, જિનું ભેદ કીયે નાં ચંત રે,**
**જિનું ભેદ કીયે નાં ચંત.**

(જે માણસ અલ્લાહના રસ્તા પર ચાલવાની ચિંતા રાખે એના તનમાં જ પીયુનો વાસ છે. નહિતર જેણે ભેદની ચિંતા ના કરી એવો પંથી તો ભૂલો જ પડે છે.) ✻


## ટેક્ષ પ્રેકટીશનર

ઈન્કમટેક્ષ, એકાઉન્ટ, પાનકાર્ડ સર્વિસના કામકાજ માટે સંપર્ક કરો.

**એમ. જી. સુણસરા**
મો. ૯૪૨૮૩૮૮૭૯૦ (સેવાણી)

**એ. એ. કડીવાલા**
મો. ૯૭૧૨૦૬૮૫૩૦ (સેવાણી)

**૧, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ,**
**એસ. જે. રોડ, સિધ્ધપુર-૩૮૪ ૧૫૧**

**દાંતનું દવાખાનું** **મો. ૯૮૨૧૬૦૧૨૯૬**

## + અલ્ટ્રાફાઈન ડેન્ટલ કલીનીક +

**ડો. રીફ્ત ઈ. અઘારીઆ (શેરપુરા)**
B.D.S. (MUMBAI)
**ડેન્ટલ સર્જન**

**સમય : સવારે ૧૦ થી ૧**
**સાંજે ૫-૩૦ થી ૮-૩૦**
**દર રવિવારે દવાખાનું બંધ રહેશે.**

**શોપ નં. એ/૩, ખત્રી હાઉસ, જે. એ. મેઘાણી હાઈસ્કૂલની પાસે,**
**મેટ્રો પેલેસ હોટલની સામે, બહેરામબાગ, જોગેશ્વરી(વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૧૦૨**

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Flattery (ખુશામત)

صلح با دشمن اگر خواهی، هر گه که تو را
درقفا عیب کند، در نظرش تحسین کن
سخن آخر به دهن میگذرد موذی را
سخنش تلخ نخواهی، دهنش شیرین کن

**સુલ્હ બા દુશ્મન અગર ખ્વાહી હર ગહ કે તૂ રા**
**દર કફા ઐબ કુનદ દર નઝરશ તહેસીન કુન**
**સુખન આખર બા દહન મૈગઝરદ મૌઝી રા**
**સુખનશ તલ્ખ નખ્વાહી, દહનશ શીરીન કુન.**

(જો તમે તમારા દુશ્મન સાથે સુલેહભર્યા સંબંધો ઈચ્છતા હો તો જ્યારે જ્યારે તે તમારી પીઠ પાછળ નિંદા કરે ત્યારે ત્યારે તેની રૂબરૂમાં તેની પ્રશંસા કરો. ઝેર ઓકતો દુશ્મન નિઃશંકપણે તમારું બૂરું જ બોલશે. જો તમારે તેનાં કડવાં વેણ ન સાંભળવાં હોય તો તેના મોઢામાં મીઠાશ ભરી દો.)

از صحبت دوستی به رنجم
کاخلاق بدم حَسَن نماید
عیبم هنر و کمال بیند
خارم گل و یاسمن نماید
کو دشمن شوخ چشم ناپاک ؟
تا عیب مرا به من نماید

**અઝ સોહબત દોસ્તી બા રન્જમ**
**કા ખલાક બદમ હસન નમાયદ**
**ઐબમ હુનર વ કમાલ બીનદ**
**ખાદિમ ગુલ વ યાસ્મિન નમાયદ**
**કો દુશ્મન શૂખ ચશમ નાપાચી ?**
**તા ઐબ મરાબા મન નમાયદ**

(મારા એક મિત્રના વર્તનથી હું ખીજાઈ ગયો છું કે જે મારી ખરાબ રીતભાતને આદર્શ વર્તણૂક તરીકે જુએ છે. મારી ખામીઓ તેને મારી સિધ્ધિઓ અને પરિપૂર્ણતાઓ જેવી લાગે છે અને મારા કંટકો (કટુવેણો)ને ગુલાબનાં અને જાસ્મીનનાં ફૂલો જેવાં ગણવામાં આવે છે. નિર્લજ્જ અને દુષ્ટ એવો મારો દુશ્મન ક્યાં છે કે જે મને મારા દોષો ગણાવે ?)

الا تا نشنوی مدح سخنگوی
که اندک مایه نفعی از تو دارد
که گر روزی مرادش بر نیاری
دوصد چندان عیوبت برشمارد

**અલા તા નશનવી મદ્‌હ સુખનગવી**
**કે અંદી માયા નફઈ અઝ તૂ દારદ**
**કે ગર રોઝી મુરાદશ બાર નયારી**
**દોસદ ચંદાન ઐવબત બાર શુમારદ**

(ખુશામતખોર માણસની પ્રશંસા ન સાંભળવાની કાળજી રાખો કે જે તમારી પાસેથી કોઈ ભૌતિક લાભ લેવાની આશા રાખતો હોય કેમકે જો તમે તેની ઈચ્છાઓને નહીં અનુસરો તો તે તમારી બસ્સો ખામી બતાવશે.)

## Forbearance (ધૈર્ય-સહિષ્ણુતા)

بَتَر زآنم که خواهی گفتن آنی
که دانم عیب من چون من ندانی
بَتَر زآنم که خواهی گفتن آنی
که دانم عیب من چون من ندانی

**યકી રા ઝિશ્ત ખવી દાદ દશનામ**
**તહમ્મુલ કર્દ વ ગુફ્ત અય નેક ફર્જામ**
**બતર ઝાનમ કે ખ્વાહી ગુફ્તન આની**
**કે દાનમ ઐબ મન ચૂન મન ન દાની**

(દુષ્ટ સ્વભાવના એક માણસે કોઈકને ગાળો દીધી. તેણે તે બાબત સહન કરી લીધી અને કહ્યું, અય સન્માનનીય માણસ ! તમે મને જે કંઈ કહ્યું

તેનાથી તો હું વધારે ખરાબ છું, કેમકે મને ચોક્કસ ખાત્રી છે કે હું મારી ખામીઓને જેટલી જાણું છું એટલી તમે જાણતા નથી.)

**Forgiveness (માફી-ક્ષમા)**

گر گزندت رسد تحمّل کن
که به عَفو از گناه پاک شَوی
ای برادر! چو خاک خواهی شُد
خاک شو، پیش از آنکه خاک شَوی

**ગર ગુઝનદત રસદ તહમ્મુલ કુન**
**કે બો અફૂ અઝ ગુનાહ પાક શવી**
**અય બિરાદર ! ચૂ ખાક ખ્વાહી શુદ**
**ખાક શૂ, પેશ અઝ આંકા ખાક શવી**

(કોઈના હાથે થયેલ નુકસાનને ધૈર્યપૂર્વક સહન કરી લો કેમકે તેને માફ કરવાથી જ તમારા ગુના માફ કરાશે. અય બંધુ ! તારે કોઈક દિવસ મરવાનું તો છે જ તેથી જ તો તું માટીમાં ભળી જાય એ પહેલાં જ માટીના જેવો નમ્ર બની જા.)

متاب ای پارسا روی از گنهگار
به بخشایندگی در وی نظر کن
اگر من ناجوانمردم به کردار
تو بر من چون جوانمردان گذر کن

**મતાબ અય પારસારવી અઝ ગુન્હગાર**
**બ બક્ષાયન્દગી દર વી નઝર કુન**
**અગર મન નાજવામદમ્ બે કિર્દાર**
**તૂ બર મન ચૂન ખ્વાનમર્દાન ગુઝર કુન**

(અય પવિત્ર માણસ ! ગુનેગાર માણસથી તારું મોઢું ફેરવી ન લે. તેના તરફ કૃપાદષ્ટિથી નજર કર. જો મારાં પોતાનાં કાર્યો એક સજ્જન માણસને છાજે તેવાં ન હોય તો મારી ભૂલોને માફ કરી દે અને મારી સાથે ઉદારતા બતાવ.) (ક્રમશઃ)


એ.એમ.ખણુશીયા(કાટવાડ) મો.૯૮૭૯૮૫૭૧૪૦
એમ.જે.આગલોડીયા(પીપોદર) મો.૯૭૨૬૪૯૩૭૧૦



**શાઈન ઈલેક્ટ્રીકલ્સ**


**(સેલ્સ એન્ડ સર્વિસ)**

**અમારે ત્યાં દરેક કંપનીના પંખા, ઈલેક્ટ્રીક ઈસ્ત્રી, ગીઝર, હિટર, મિક્ષર, પાણીની મોટર વેચનાર તથા રીપેરીંગ કરનાર**

**લાઈટ ફીટીંગના સ્પેશ્યાલીસ્ટ**

**પોલોગ્રાઉન્ડ, મહાવીરનગર રોડ, ભાગ્યોદય દૂગ્ધાલયની બાજુમાં હિંમતનગર.**

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA



**જી. એસ. કન્સલ્ટન્સી**

કોઈ પણ ધંધાનું કોમ્પ્યુટરાઈઝડ એકાઉન્ટ તથા સેલટેક્ષ તથા એલ.આઈ.સી. જનરલ ઈન્સ્યોરન્સના કામ માટે મળો.

**ગુલામમહંમદ એસ. ખણુશીયા(કાટવાડવાળા)**
મો. ૯૯૨૫૯ ૩૮૪૪૦
ફોન : ૦૨૭૭૨-૨૪૯૪૭૮

=========== **ઓફિસ** ===========
**મંગલમ કોમ્પલેક્ષ, મહેતા પેટ્રોલ પંપની પાસે, આગવાન મોટર્સની બાજુમાં, સેલટેક્ષ ઓફિસની સામે, હિંમતનગર.**
============ **ઘર** ============
**મુ.પો. કાટવાડ, તા. હિંમતનગર, જિ. સા.કાં.**

# આપણા ઘરની વાતો

- **નામદાર બાવા સાહેબની ઉપસ્થિતિમાં ઝહીરાબાદ, હિંમતનગર ખાતે ફાતેમા ગર્લ્સ હોસ્ટેલનો ઉદ્દ્ઘાટન સમારોહ અને ઝહીર હોસ્ટેલનો દશાબ્દિ મહોત્સવ ઉજવાયો :**



ઝહીરાબાદ, હિંમતનગર મુકામે તા.૧૦-૬-૨૦૧૦ને ગુરૂવારના રોજ શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત ફાતેમા ગર્લ્સ હોસ્ટેલનો ઉદ્દ્ઘાટન સમારોહ અને ઝહીર હોસ્ટેલના દશાબ્દિ મહોત્સવની ઉજવણી નામદાર હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. જનાબા સૈયદા વજીરૂન્નિસા બેગમ સાહેબાની વિલાદત પ્રસંગે જમાદીઉલ આખર મહિનાની ૨૬મી તારીખનો મુબારક દિવસ અત્યંત ખુશીઓ લઈને આવ્યો હતો. સવારના સમયે નામદાર બાવા સાહેબ, જનાબા સૈયદા તેહસીનફાતેમા બેગમ સાહેબા તથા જનાબ સૈયદ અદિલહૈદર અબ્બાસ બાવા સાહેબની પુનિત પધરામણી થઈ હતી. ઝહીર હોસ્ટેલના પટાંગણમાં આમંત્રિત મહેમાનો અને વિકાસ મંડળના આજીવન સભ્યોની હાજરીમાં નામદાર બાવા સાહેબનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ નામદાર બાવા સાહેબે ફાતેમા ગર્લ્સ હોસ્ટેલમાં પધારી હોસ્ટેલનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. બપોર બાદ આપ નામદારે ઝહીરાબાદમાં નવા બનેલા મકાનોમાં બિછાણા કર્યા હતા.



ઝહીર હોસ્ટેલના દશાબ્દિ મહોત્સવ નિમિત્તે રાત્રે ૯-૦૦ કલાકે નામદાર બાવા સાહેબના વરદ હસ્તે વર્ષ ૨૦૦૯ના પારિતોષિક વિજેતા તેજસ્વી તારલાઓને સિલ્વર મેડલ તથા પ્રમાણપત્ર તેમજ હિજરી સન ૧૪૩૦માં વિભાગવાર શ્રેષ્ઠ દેખાવ કરનાર મદ્રેસાઓને ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યોજેલ સાંસ્કૃતિ કાર્યક્રમમાં ઝહીર હોસ્ટેલના વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લઈ **'મોબાઈલે દાટ વાળ્યો'**, **'આપણા સમાજની એક વાસ્તવિકતા'** અને **'શિક્ષણ આધારિત એકાંકી'** રજૂ કરીને હાજર રહેલા મોમિન ભાઈ-બહેનોને બોધદાયક મનોરંજન પૂરું પાડ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે Home Schooling પધ્ધતિ દ્વારા આપણા સમાજના શિક્ષણ મેળવી રહેલ વિદ્યાર્થી મો.મંજૂરમહંમદે પોતે હોમ સ્કૂલીંગ પધ્ધતિથી સંતુષ્ટ હોવાની માહિતી અંગ્રેજી વકતૃત્વ દ્વારા પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં ઝહીરાબાદની બાળાઓએ **'તેરી હમ્દ ક્યા હો'** અને **'લબ પે આતી હૈ દુઆ'**ની કર્ણપ્રિય રજુઆત કરી હતી. આ સાંસ્કૃતિ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને બાળાઓને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન નામદાર બાવા સાહેબના ચહેરા પરની ખુશી નિહાળતાં ઉપસ્થિત સર્વે મોમિન ભાઈ-બહેનોના દિલોને અનોખી ખુશીનો અનુભવ

થયો હતો. અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન થયું હતું. બીજા દિવસે સવારે નામદાર બાવા સાહેબે અઝાખાન એ હુસેનિયામાં પધારી વિદાય લીધી હતી.

● **શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની સાધારણ સભા અને હોદ્દેદારોની વરણી :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની વાર્ષિક સાધારણ સભા તા.૧૨-૬-૨૦૧૦ને શનિવારના રોજ બપોરે ૧૧-૩૦ કલાકે ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ, હિંમતનગર ખાતે રાખવામાં આવી હતી. ત્યાર બાદ તે સ્થળે રાખેલ કારોબારી સમિતિની મિટીંગમાં મંડળના હોદ્દેદારોની નીચે મુજબ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

**પ્રમુખ :** મો.ઈસ્માઈલભાઈ શરીફભાઈ ગોદડ **ઉપ પ્રમુખ :** મો.નુરમહંમદ વજીરઅલી કાયલા **મંત્રીઃ** મો.મીકદાદઅલી ઈસ્માઈલભાઈ ગોદડ **સહમંત્રી :** મો.શેરઅલી હાસમભાઈ વિજાપુરા **આંતિરક ઓડીટરઃ** મો.ઈસ્માઈલભાઈ નશીરભાઈ પટેલ

● **કનાઈ મુકામે નવજુવાન ભાઈઓ દ્વારા 'હૌઝે ઈલ્મીયા' કવીઝ કોમ્પિટીશનનું આયોજન :**

કનાઈ ગામે હૌઝે ઈલ્મીયા કમિટીના સભ્યોએ ૭ રજબ, તા.૨૦-૬-૨૦૧૦ના રોજ રાત્રે ૮-૩૦ કલાકે અઝાખાનએ અબુતાલિબમાં ઈસ્લામિક લેખિત પરીક્ષાનું આયોજન કર્યું હતું. આ કોમ્પિટીશનમાં ૧૫ વર્ષથી નાની વયના સ્પર્ધકો માટે ૫૦ ગુણ અને ૧૫ વર્ષથી મોટી વયના સ્પર્ધકો માટે ૧૦૦ ગુણના બે અલગ અલગ પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવ્યા હતા જેમાં મો.ઝુલ્ફિકારઅલી, મો.ઈમદાદઅલી દેધરોટીયા, મો.સાબિરઅલી દેધરોટીયા, મો.મહંમદઅલી ખણુશીયા, મો.શબ્બીરઅલી ખણુશીયા, મો.ફૈઝએહમદ રાજપુરા અને બીજા અન્ય મોમિન ભાઈઓએ પોતાનું યોગદાન આપી કોમ્પિટીશનને સફળ બનાવવા સહકાર આપ્યો હતો. હૌઝે ઈલ્મીયા કવીઝ કોમ્પિટીશનમાં બન્ને વિભાગના વિજેતા થનાર સ્પર્ધકોના નામ નીચે મુજબ છે.

૧૫ વર્ષથી નાની વયના વિજેતા (૧) મો.અબ્બાસઅલી આબિદઅલી દેધરોટીયા (૨) મો.મુખ્તારઅલી મહેંદીહસન દેધરોટીયા (૩) મો.ઈમ્તિયાઝઅલી ખાદિમહુસૈન દેધરોટીયા અને ૧૫ વર્ષથી મોટી વયના વિજેતા (૧) મો.અહેસાનઅલી એ. મસી (૨) મો.રહેમતફાતેમા એસ. કોવડીયા (૩) મો.ઈમદાદઅલી વાય. દેધરોટીયા રહ્યા હતા. આ કવીઝ કોમ્પિટીશનના વિજેતાઓને દસમી રજબની રાત્રે મજલિસમાં ઈનામ આપીને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ કવીઝ કોમ્પિટીશન ખૂબ સફળ રીતે પૂર્ણ થઈ હતી.

● **ઈન્નાલિલ્લાહે :**




મેતા નિવાસી **મર્હૂમા મો.હાજરાબેન યુસુફ શેલીયા** મુ.તા. ૯ જમા.આખર-૧૪૩૧, તા.૨૫-૪-૨૦૧૦ને રવિવારના રોજ ૩૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ, હસમુખા અને મોહંમદ વ આલે મોહંમદનાં આશિક હતાં. તેઓ મરસીયા અને ભજન પઢવાનાં ખૂબ જ શોખીન હતાં.



←--- ચોટીલા નિવાસી હાલમાં નરોડા પાટીયા સ્થિત **મર્હૂમા મો.મયમુનાબેન હુસૈનભાઈ કલાડીયા** મુ.તા. ૭ રબી.આખર-૧૪૩૧, તા.૨૨-૫-૨૦૧૦ને શનિવારના રોજ ૫૮ વર્ષની વયે અલ્લાહ તઆલાનીરહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે મિલનસાર હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદનાં ચાહક હતાં. તેઓ ઈતરતફાતેમા બેગમ સાહેબાનાં ખાસ ચાહક હતાં.



મેતા નિવાસી **મર્હૂમા મો.જીવીબેન હબીબભાઈ સુણસરા** મુ.તા. ૮ જમા.આખર-૧૪૩૧, તા.૨૩-૫-૨૦૧૦ને રવિવારના રોજ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે પ્રેમાળ, અઝાદારીના શોખીન તથા ગુરૂપ્રેમી હતા.--->



<--- ડીંડરોલ નિવાસી **મર્હૂમ મો.દાઉદભાઈ સુલેમાન મોલપીયા** મુ.તા. ૧૧ જમા.અવ્વલ-૧૪૩૧, ૨૭-૪-૨૦૧૦ને મંગળવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.




ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ દાંત્રેલિયા** (ટેમ્પીવાળા) મુ.તા.૧૮ જમા.આખર-૧૪૩૧, તા.૨-૬-૨૦૧૦ને બુધવારના રોજ આશરે ૫૫ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા અને આશિકે એહલેબયત હતા.--->




<--- કાકોશી નિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ સુલેમાભાઈ ચૌધરી(બાપુ)** મુ.તા. ૭ જમા.આખર-૧૪૩૧, તા.૨૨-૫-૨૦૧૦ને શનિવારના રોજ ૫૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મકતબા જાફરીયાની સિવણ ક્લાસની ૧૫ વિદ્યાર્થી બહેનોને લઈને અમદાવાદ રોઝા પર ગયા હતા અને ત્યાંથી પરત આવતાં રસ્તામાં તેમની તબીયત બગડતાં ઈન્તેકાલ થયો હતો. મર્હૂમના મૃત્યુના સમાચાર સાંભળી સૌએ આઘાતની લાગણી અનુભવી હતી. મર્હૂમ **'ચૌધરી બાપુ'**ના હુલામણા નામે પ્રખ્યાત હતા. તેઓ સ્વભાવે ભોળા, નેક, ઈમાનદાર, આશિકે હુસૈન અને મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા. તેઓ કોઈનું પણ કામ હસતા મુખે વગર સ્વાર્થે કરી આપતા હતા. તેઓ મોમિન મેડીકલ સહાય યોજના અને જાફરી ક્રેડીટ સોસાયટીના કામકાજમાં સેવા આપતા હતા. **નોંધ : કોઈ પણ ભાઈ-બહેનને મર્હૂમ ઈસ્માઈલભાઈ પાસેથી પૈસા લેવાના નીકળતા હોય તો તેમના વારસદાર મો.હસનઅબ્બાસ ઈ. ચૌધરીનો સંપર્ક કરવા વિનંતી. મો.નં. ૯૮૭૯૮૨૮૪૧૫**



કાટવાડ નિવાસી **મર્હૂમ મો.અલીભાઈ હા.દાઉદભાઈ ખણુશીયા** મુ.તા. ૧ રજબ-૧૪૩૧, તા.૧૩-૬-૨૦૧૦ને રવિવારના રોજ ૬૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતના ચાહક તથા આશિકે હુસૈન હતા. તેઓ સેવાભાવી હતા.--->



<--- બાદરપુર નિવાસી **મર્હૂમ મો.શહાદતઅલી અકબરઅલી કલુસીયા** મુ.તા.૧૮ જમા.આખર-૧૪૩૧, તા.૨-૬-૨૦૧૦ને બુધવારના રાજ ૫ વર્ષની વયે અલ્લાહ તાઅલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવમાં શાંત અને તીવ્ર યાદશક્તિ ધરાવનાર હતા. મર્હૂમના અવસાનથી સમગ્ર પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ અલાઉદ્દીનભાઈ ભંડારી** મુ.તા.૨૩ જમા.અવ્વલ-૧૪૩૧, તા.૯-૫-૨૦૧૦ને રવિવારના રોજ ૬૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે લાગણીશીલ અને નરમ સ્વભાવના હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા.--->

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મો.હાજીયાણી ફાતમાબેન નુરમહંમદ(કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.હાજરાબેન યુસુફભાઈ શેલીયા (મેતા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.યુસુફભાઈ દોસન શેલીયા
રૂા.૧૦૧/- મો.રાજુબેન યુસુફભાઈ શેલીયા
રૂા.૫૧/- મો.રેમજી માસી(વાઘરોલ)
રૂા.૫૧/- મો.નૂરબીબેન ઈસ્માઈલભાઈ લોરીયા
રૂા.૫૧/- મો.ઝયનબબેન અબ્બાસ ફતેહ
રૂા.૫૧/- મો.ઝોહરાબેન મૈસમઅલી ભોરણીયા
રૂા.૫૧/- મો.ફાતેમાબેન અમ્મારહૈદર સુણસરા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન શબ્બીરઅલી ચૌધરી
રૂા.૧૦૧/- મો.મોહંમદઅલી યુસુફ શેલીયા
રૂા.૫૧/- મો.તાહેરાબેન મોહંમદઅલી શેલીયા
રૂા.૧૦૧/- મો.સાબિરહુસૈન યુસુફ શેલીયા
રૂા.૧૦૧/- મો.સાકિરઅલી યુસુફ શેલીયા
રૂા.૧૦૧/- મો.ઝયનબબેન સાકિરઅલી શેલીયા
રૂા.૨૫/- મો.કનીઝફાતેમા મૈસમઅલી ભોરણીયા
રૂા.૨૫/- મો.હસનઅલી મૈસમઅલી ભોરણીયા
રૂા.૫૧/- મો.મહેમૂદા આબિદઅલી શેલીયા
રૂા.૨૫/- મો.શબ્બીરઅબ્બાસ અમ્મારહૈદર સુણસરા
રૂા.૨૫/- મો.કાસિમઅબ્બાસ અમ્મારહૈદર સુણસરા
રૂા.૨૫/- મો.અહમદઅબ્બાસ શબ્બીરઅલી ચૌધરી
રૂા.૨૫/- મો.સકીનાફાતેમા શબ્બીરઅલી ચૌધરી
રૂા.૨૫/- મો.હૈદરઅબ્બાસ શબબીરઅલી ચૌધરી
રૂા.૫૧/- મો.અહમદઅલી મંજૂરઅલી શેલીયા
રૂા.૨૫/- મો.હસનઅલી અબ્બાસ ફતેહ
રૂા.૨૫/- મો.સાજેદાફાતેમા મોહંમદઅલી શેલીયા
રૂા.૨૫/- મો.અઝમતફાતેમા મોહંમદઅલી શેલીયા
રૂા.૨૫/- મો.સાકેરાબેન ઝહીરઅબ્બાસ ફતેહ
રૂા.૫૧/- મો.હાજરાબેન દાઉદ ચૌધરી
રૂા.૫૧/- મો.ફિજ્જાબેન અકબરઅલી સુણસરા

**મર્હૂમા મો.જીવીબેન હબીબભાઈ સુણસરા (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૧/- તેમના દીકરાઓ હૈદરઅલી, અબ્બાસઅલી, અકબરઅલી તથા તેમના પરિવાર તરફથી
રૂા.૧૦૦/- તેમની દીકરી રૂકૈયા ફાતેમા તથા તેમના ઘરવાળા તરફથી

**મર્હૂમ મો.દાઉદભાઈ સુલેમાન મોળપીયા (ડીંડરોલ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૧૦/- મો.ઉરીબેન યુસુફ મોળપીયા
રૂા.૧૦૧/- મો.શબ્બીરભાઈ દાઉદભાઈ મોળપીયા
રૂા.૧૦૧/- મો.નુરમોહંમદ દાઉદભાઈ મોળપીયા

**મર્હૂમા મો.મયમુનાબેન હુસૈનભાઈ કલાડીયા (ચોટીલાવાળા-નરોડા પાટીયા)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૨/- પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ખૈરૂન્નિસા બેગમ સાહેબા તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.
રૂા.૨૫/- મો.હુસૈનભાઈ વલીભાઈ કલાડીયા
રૂા.૧૧/- મો.સાજીદઅલી હુસૈનભાઈ કલાડીયા
રૂા.૧૧/- મો.શબાનાબાનુ સાજીદઅલી કલાડીયા
રૂા.૧૧/- મો.શીરીનબાનુ યુનુસભાઈ આંબાતર
રૂા.૧૧/- મો.અઝરાબાનુ સ.લીભાઈ ધોણીયા
રૂા.૧૧/- મો.મકબુલફાતેમા સાજીદઅલી કલાડીયા
રૂા.૧૧/- મો.આબિદઅલી સાજીદઅલી કલાડીયા

રૂા.૫૧/- મો.ગુલામહુસૈન વલીભાઈ મુખી (વાઘરોલ) તરફથી તેમના પુત્ર અમીરઅલીના ત્યાં પુત્ર મોહંમદરઝાનો જન્મ થયો તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ દાંત્રેલિયા(ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.ખાંનજીભાઈ ઈ. દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.વલીભાઈ ઈ. દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.મંજૂરઅલી દાઉદભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી ખૈ. દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.મીકદાદઅલી કા. દાંત્રેલિયા
રૂા.૨૦૦/- મો.સુગરાબેન અ. દાંત્રેલિયા

રૂા.૧૦૦/- મો.અલમદારઅલી અ. દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.નજરમહંમદ અ. દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.સાજેદાબેન અ. દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.આબેદાબેન ન. દાંત્રેલિયા
રૂા.૨૫/- મો.જાફરઅલી અ. દાંત્રેલિયા
રૂા.૨૫/- મો.મકબુલફાતેમા અ. દાંત્રેલિયા
રૂા.૨૫/- મો.સલમાનઅલી ન. દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.ઉરીબેન જલાલભાઈ શાવદી
રૂા.૫૦/- મો.આઈશાબેન સુલેમાનભાઈ મસી
રૂા.૨૫/- મો.રહમતબેન નૂરઅલી ભટ્ટ
રૂા.૨૫/- મો.ફિજ્જાબેન ગુલામહુસૈન ભુરા
રૂા.૨૫/- મો.શેરબાનુ ગુલામહુસૈન કોવડીયા
રૂા.૨૫/- મો.ઝોહરાબેન મંજૂરઅલી દાંત્રેલિયા
રૂા.૨૫/- મો.કુલસુમબેન મુસ્તાકઅલી મોમિન
રૂા.૧૦૦/- આશિષ સ્ટીલ ફર્નીચર એન્ડ પાઉડર કોટીંગ
રૂા.૧૦૦/- આશિષ સ્ટીલ ફેબ્રીકેશન, અમદાવાદ
રૂા.૫૦/- મો.હબીબભાઈ સુલેમાનભાઈ નુરભાણેજ
રૂા.૫૦/- મો.પ્યારઅલી ગુલામભાઈ હોલ્ડા
રૂા.૫૦/- મો.ગુલામમહંમદ હાસમભાઈ ખુજા

**રૂા.૧૧૧૦/- મો.મર્હૂમ ઈસ્માઈલભાઈ સુલેમાનભાઈ ચૌધરી(બાપુ) (કાકોશી)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.**

**મર્હૂમ મો.અલીભાઈ હા.દાઉદભાઈ ખણુશીયા (કાટવાડ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.ઈમદાદઅલી અલીભાઈ ખણુશીયા
રૂા.૨૫૧/- મો.ખાનજીભાઈ હા.મીરાંજીભાઈ તથા તેમના પરિવારજનો તરફથી
રૂા.૫૧/- મો.ઈસ્માઈલભાઈ ખાંનજીભાઈ દાવડા
રૂા.૫૦/- મો.ગુલામહુસૈન અમદાભાઈ ખણુશીયા
રૂા.૩૫૧/- મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ હા.દાઉદભાઈના પરિવારજનો તરફથી.

રૂા.૨૫૦/- મર્હૂમ મો. ઈબ્રાહીમભાઈ હાજી દાઉદભાઈ ખણુશીયા(કાટવાડ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૫૦/- મો.મર્હૂમ શહાદતઅલી અકબરઅલી કલુસીયા(બાદરપુર) ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

**મર્હૂમ મો.સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ વિજાપુરા (માસ્ટર)(જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મર્હૂમ સુલેમાનભાઈના પરિવારજનો તરફથી
રૂા.૫૦/- મો.રસુલબેન શરીફભાઈ પટેલ
રૂા.૫૦/- મો.હલીમાબેન હાસમભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.મહંમદકરીમ શરીફભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.શીરીનબેન તાહેરઅલી ખરોડીયા
રૂા.૧૦૦/- મો.સાકેરાબેન ઝુલ્ફિકારઅલી વિજાપુરા

**રૂા.૫૦૧/- મો.અબ્બાસઅલી એમ. રામસડા (ગાંધીનગર)તરફથી તેમણે નવા મકાનની ખરીદી કરી તેની ખુશાલી પ્રસંગે.**

**મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ અલાઉદ્દીનભાઈ ભંડારી(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ રાબડી
રૂા.૧૦૧/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ રાબડી
રૂા.૧૦૧/- મો.બાકરઅલી ઈસ્માઈલભાઈ રાબડી
રૂા.૫૧/- મો.અકબરઅલી ઈસ્માઈલભાઈ રાબડી
રૂા.૫૧/- મો.હબીબાબેન બાકરઅલી રાબડી
રૂા.૫૧/- મો.બશારતફાતેમા બાકરઅલી રાબડી
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી બાકરઅલી રાબડી
રૂા.૨૧/- મો.શાહેદાફાતેમા અકબરઅલી રાબડી
રૂા.૨૧/- મો.અજીમાફાતેમા અકબરઅલી રાબડી
રૂા.૧૦૧/- મો.બાકરઅલી ગુલામહુસૈન ભાણી
રૂા.૧૦૧/- મો.ઝયનબબેન બાકરઅલી ભાણી
રૂા.૫૧/- મો.જાફરઅલી બાકરઅલી ભાણી
રૂા.૫૧/- મો.અકબરઅલી બાકરઅલી ભાણી
રૂા.૧૦૧/- મો.મહેદીઅલી રહીમભાઈ રાબડી
રૂા.૧૦૧/- મો.સખીનાબેન મહેદીઅલી રાબડી
રૂા.૫૧/- મો.ઉરીબેન હબીબભાઈ વઘવાડીયા
રૂા.૧૦૧/- મો.અવલીબેન ઈબ્રાહીમભાઈ ભંડારી
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ ભંડારી
રૂા.૧૦૧/- મો.સખીનાબેન ઈસ્માઈલભાઈ ભંડારી
રૂા.૫૧/- મો.હલીમાબેન હસનઅલી ગોરા
રૂા.૫૧/- મો.આબેદાબેન હસનઅબ્બાસ મહેસાણીયા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન અનવરઅલી દાદાવાળા
રૂા.૫૧/- મો.જમીલાબેન ઈસ્માઈલભાઈ ભંડારી
રૂા.૫૧/- મો.વજીરઅલી ઈબ્રાહીમભાઈ ઢેખાલીયા
રૂા.૫૧/- મો.ઝયનબબેન વજીરઅલી ઢેખાલીયા
રૂા.૫૧/- મો.આબિદઅલી વજીરઅલી ઢેખાલીયા

રૂા.૫૧/- મો.મોહસિનઅલી વજીરભાઈ ઢેખાલીયા
રૂા.૫૧/- મો.આબેદાબેન વજીરભાઈ ઢેખાલીયા

રૂા.૧૦૦/- મો.મહેબૂબઅલી આઈ. મોમિન (વસો) તરફથી 'જાફરી આવાઝ' માસિકને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦૦/- મક્કામાં રહેતા મોમિન ભાઈઓ તરફથી હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા(મદ્દે.)ના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ખાંનજીભાઈ હા.મીરાંજીભાઈ દાવડા(કાટવાડ)તરફથી તેમના મર્હૂમ માતા-પિતા તથા કુટુંબીજનોની રૂહના સવાબ અર્થે.

**મો.ગુલામમહંમદ નુરમદ શેલીયા(મેતા) તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- તેમના દીકરા આબિદહુસૈન ગુલામમહંમદની નિકાહ ખ્વાનીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- તેમના દીકરા અકબરઅલી કમરઅલી શેલીયા ઈંગ્લીશ મિડીયમમાં ૯૪.૬% ગુણ મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**


ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**


**નવાને આવકારો જુનાથી મેળવો છુટકારો**

**અત્યંત લાભદાયી એક્ષચેન્જ ઓફર ખાસ હોટલ ઈન્ડસ્ટ્રીઝ માટે**

**METRO®** **છેલ્લાં ૩૦ વર્ષથી હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલા**



- વોટર કુલરની રેન્જ - ૧૦ થી ૫૦૦ લીટર સુધી
- ઓઝોન ફ્રેન્ડલી ▶ વીજળીનો ઓછો વપરાશ
- સ્ટેનલેસ સ્ટીલનો એંગલ સ્ટ્રકચર અને બોડી



**OUR OTHER PRODUCTS**
Window Air Conditioner • Split Air Conditioner
Water Cooler • Vertical Freezers • Deep Freezers

**MKTD. BY : METRO ENGINEERING CO. (Rahimbhai)**
૮, હાઈટેક કોમ્પલેક્ષ, મ્યુઝીયમ સામે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૫૮૯૬૯૮ ફેક્સ : ૦૭૯-૨૬૫૮૯૨૪૦ મો. : ૯૮૨૫૦ ૩૫૩૮૨

**Mfg. By : PERFECT ENGINEERS**
૮/બી, હાઈવે કોમર્શીયલ સેન્ટર, દાણીલીમડા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૨૬૯૧૪, ૨૫૩૨૯૨૫૬,
મો.૯૭૨૫૦૧૧૧૨૧ Email : perfectengg_1986@yahoo.co.in